" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 290 | AD - 2026, Ashadh Sud -12 | Sunday, Dt. 26-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શુક્રવારે રાત્રે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા ૪૭ અધિકારીઓને નોકરીમાંથી કાઢી મૂકાયા

# કેન્દ્ર સરકાર ઝુકી : શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. દેશમાં ચાલતા પેપર લીક મામલે તેમના રાજીનામાની માગણી સાથે કોકરોચ જનતા છેલ્લા ૩૬ દિવસથી જંતર મંતર પર ધરણા કરી રહ્યા હતા. આ રાજીનામાના સમાચાર આવ્યા બાદ કોકરોચ જનતા પાર્ટીના પ્રમુખ અભિજીત દીપકે ખુબ જ ખુશી વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે લોકો કહેતા હતા કે આ સરકારમાં તો રાજીનામા થતા નથી પરંતુ દુનિયા નમે છે નમાવનાર જોઈએ. મંત્રીએ રાજીનામા અંગે પત્ર સોશિયલ મીડિયા એટલે કે સામાજિક માધ્યમ પર મૂક્યો હતો. અભિજીત દીપકે આગળ જણાવ્યું કે મંત્રીનું રાજીનામું આવી ગયું છે પરંતુ અમારી બીજી માગણીઓ હજુ બાકી જ છે. અમે અહીંથી બિલકુલ હટવાના નથી કારણ કે કોકરોચ એકવાર ઘૂસી જાય પછી બહાર નીકળતો નથી. આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારને એક કરોડ રૂપિયાનું વળતર મળવું જોઈએ તેવું જણાવ્યું હતું.

સાથે જ પોલીસવાળાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને વિદ્યાર્થીઓ પર થયેલા તમામ ખોટા કેસ પાછા ખેંચાવા જોઈએ. લોકતંત્રમાં જનતાની શક્તિ સૌથી મોટી છે અને એ સાબિત થઈ ગયું છે. બીજી તરફ આ આખા મામલે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે પણ ભૂખ હડતાળ કરી હતી. શુક્રવારે રાત્રે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા ૪૭ અધિકારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. આ બરતરફ કરાયેલા



અધિકારીઓ સામે ગુનાહિત કેસ નોંધવાની વાત પણ સામે આવી છે. સરકાર દ્વારા પરીક્ષા પ્રણાલીમાં સુધારા માટે ઘણા મોટા પગલાં લેવામાં આવી રહ્યા છે. મંત્રાલયના બે સચિવોની બદલી કરવામાં આવી છે. આઉટસોર્સિંગ પ્રથામાં ફેરફાર કરીને નવી તકનીકી પ્રણાલી લાગુ કરવામાં આવશે જેથી ભવિષ્યમાં પેપર લીક થવાની શક્યતા સાવ ખતમ થઈ જાય. સંસ્થામાં નવા જનરલ મેનેજર અને યુવા પ્રોફેશનલ્સની નિમણૂક કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. જંતર મંતર પર બેઠેલા આંદોલનકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે મંત્રીના રાજીનામાથી આંદોલન પૂરું થતું નથી પરંતુ આ તો માત્ર શરુઆત છે. વિદ્યાર્થીઓના હિત માટે જે લડાઈ શરૂ થઈ છે તે તમામ માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી ચાલુ જ રહેશે. જંતર મંતર ખાતે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ રહ્યા છે અને સરકાર સામે પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. નેતાઓ અને કાર્યકર્તાઓ સતત ભાષણ આપી રહ્યા છે અને આંદોલનને વધુ મજબૂત બનાવવાની વાતો કરી રહ્યા છે. પેપર લીકની ઘટનાઓને કારણે દેશના હજારો અને લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં મુકાઈ ગયું હતું જેના કારણે લોકોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો હતો. હવે જ્યારે મંત્રીએ રાજીનામું આપ્યું છે ત્યારે લોકોને થોડી આશા જાગી છે પરંતુ આંદોલનકારીઓ કોઈ પણ સંજોગોમાં પાછળ હટવા તૈયાર નથી. તેઓ ઈચ્છે છે કે દોષિતો સામે સખતમાં સખત કાર્યવાહી થાય અને ભવિષ્યમાં કોઈ પણ પરીક્ષામાં આવી ગોલમાલ ન થાય. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીમાં પણ મોટા પાયે ફેરફારો કરવામાં આવી રહ્યા છે જેનાથી પરીક્ષા પધ્ધતિ વધુ પારદર્શક બની શકે. આગામી દિવસોમાં આ આંદોલન શું રૂપ લે છે તેના પર સૌની નજર ટકેલી છે. સરકાર પર પણ હવે વહેલી તકે તમામ મુશ્કેલી ઉકેલવાનું ભારે દબાણ બની ગયું છે.

## NEET પેપર લીક મુદ્દે બિહાર બંધ હિંસક બન્યું, અનેક જિલ્લાઓમાં પથ્થરમારો અને પોલીસ કાર્યવાહી

પટના,તા.૨૫

**NEET** પેપર લીક કેસ, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ અને વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં બોલાવવામાં આવેલ બિહાર બંધ દરમિયાન અનેક જિલ્લાઓમાં હિંસક ઘટનાઓ સર્જાઈ હતી. સીવાનમાં પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો કરતા પરિસ્થિતિ બેકાબૂ બની હતી. ભીડને કાબૂમાં લેવા પોલીસે પહેલા ટીયર ગેસના શેલ છોડ્યા બાદ ૧૦થી વધુ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. પથ્થરમારામાં સીવાનના




એસપી પૂરણ ઝાના હાથમાં ઈજા પહોંચી હતી. છપરામાં વિદ્યાર્થીઓએ સરકારી ઈમારત પર ચઢીને પોસ્ટરો ફાડ્યા અને બેરિકેડિંગ લઈને દોડતા જોવા મળ્યા હતા. રસ્તાઓ પર ભારે હોબાળો સર્જાતા એક જજની ગાડી પણ ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી. ભાગલપુરમાં પથ્થરમારા બાદ પોલીસે લાઠીચાર્જ કર્યો હતો જ્યારે વિદ્યાર્થીઓએ પોલીસ વાહનને પણ નિશાન બનાવ્યું હતું. મધેપુરામાં ઉગ્ર નારેબાજી બાદ કેટલાક વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બેગુસરાયમાં પોલીસ દ્વારા ડ્રોન મારફતે સતત નજર રાખવામાં આવી રહી હતી. બીજી તરફ પંજાબના જલંધરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ડીસી ઓફિસનો ઘેરાવ કરવા પહોંચ્યા હતા અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ ઉઠાવી હતી. વિદ્યાર્થીઓએ લાઠીચાર્જમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓની સારવાર અને આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારોને વળતર આપવાની પણ માંગ કરી હતી. પ્રશાસને સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવી હતી.

## નવી પેઢી સાથે સંવાદ અને માર્ગદર્શનની જરૂરિયાત પર ભાર મુકતા મોહન ભાગવત

નવીદિલ્હી,તા.૨૫

નવી દિલ્હી ખાતે વિશ્વ માંગલ્ય સભા દ્વારા "વય-યોગ્ય માતૃત્વ" વિષય પર આયોજિત જ્ઞાન વર્ધન સભાના સમાપન સત્રમાં બોલતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (**RSS**) ના વડા મોહન ભાગવતે વર્તમાન પેઢીની વિચારસરણી અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે આજની નવી પેઢી પાછલી પેઢી કરતાં તદ્દન અલગ છે. ભૂતકાળમાં માતાપિતા જે કહેતા તેને કોઈ પણ પ્રશ્ન કે ચર્ચા વિના અંતિમ







માનવામાં આવતું હતું અને તે માત્ર આજ્ઞાપાલનનો સમય હતો. પરંતુ સમય બદલાયો છે; આજના યુવાનો દરેક બાબતે પ્રશ્ન કરે છે અને દરેક નિર્ણય પાછળનો તર્ક સમજવા માંગે છે.

દેશભરમાં પેપર લીક સામે જંતર-મંતર સહિત વિવિધ સ્થળોએ ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વચ્ચે તેમણે ભારપૂર્વક કહ્યું કે હવે યુવાનો પર કેવળ આદેશો લાદવાથી કે શ્રુતલેખન આપવાથી ઉકેલ નહીં મળે. આજે પરિવારો વચ્ચે ઘટતો સંવાદ ચિંતાજનક છે. નવી પેઢીને સ્નેહ, સમય અને ચર્ચાની જરૂર છે. તેમણે એ ધારણાને ફગાવી દીધી કે નવી પેઢી સંપૂર્ણપણે ભટકી ગઈ છે. ભાગવતના મતે, યુવાનો પાસે યોગ્ય રોલ મોડેલનો અભાવ છે. જો સમાજના વડીલો પોતાના જીવનમાં પ્રામાણિકતા અને સકારાત્મકતાના શ્રેષ્ઠ ઉદાહરણો બેસાડશે, તો નવી પેઢી ચોક્કસપણે સાચી દિશામાં માર્ગદર્શિત થઈને સમાજ હિત માટે પોતાનું જીવન સમર્પિત કરશે.

### દેશના અનેક રાજયમાં ભારે વરસાદની ચેતવણી

## આસામમાં પૂરથી હાહાકાર, છેલ્લાં ૨૪ કલાકમાં ૧૫ લોકોના મોત

નવી દિલ્હી,તા.૨૫

આસામ રાજ્યમાં પૂરની સ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ છે અને છેલ્લાં ચોવીસ કલાકમાં ૧૫ લોકોના મોત થઈ ગયેલ છે. આ સાથે કુલ મરણાંક વધીને ૬૧ સુધી પહોચી ગયેલ છે. આસામના બાર જિલ્લાઓમા સાત લાખથી વધારે નાગરિકો પૂરની મુસીબતમાં ફસાયા છે. બીજી તરફ મધ્યપ્રદેશમાં પણ મેઘરાજાની તોફાની



એન્ટ્રી થઈ ગઈ છે, જ્યા ૩૫ જિલ્લામા ભારે વરસાદનું એલર્ટ આપવામા આવેલ છે. મધ્યપ્રદેશમા છેલ્લા ચાર દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે અને ૨૦ જિલ્લામાં હળવો વરસાદ થવાની પણ સંભાવનાઓ દર્શાવાઈ છે.ઉત્તર પ્રદેશમા પણ વિતેલા પંદર દિવસથી સતત વરસાદનો દોર ચાલુ જ છે. શનિવારના દિવસે રાજ્યના ત્રીસ જિલ્લાઓમા ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જાહેર કરાઈ છે. આ બાજુ રાજસ્થાનમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો છે અને હવામાન વિભાગે શનિવારે વિવિધ વિસ્તાર માટે ઓરેન્જ અને યલો એલર્ટ આપી દીધુ છે.બિહાર રાજ્યમાં પણ ચોમાસુ પુરી રીતે સક્રિય થયેલુ જોવા મળી રહ્યુ છે. પાટનગર પટના સહિત અનેક વિસ્તારોમા સતત છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. હવામાન ખાતા દ્વારા બિહારના સોળ જિલ્લાઓમા વાવાઝોડા સાથે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામા આવી છે. દેશના વિવિધ રાજ્યોમા વરસાદી સિસ્ટમ મજબૂત હોવાથી આફત ઉભી થઈ છે.

## જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસક અથડામણ

નવીદિલ્હી,તા.૨૫


નવી દિલ્હીના જંતર-મંતર ખાતે ટોલ્સટોય માર્ગ નજીક વિરોધ પ્રદર્શન દરમિયાન ભારે અરાજકતા સર્જાઈ હતી. પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો અને પાણીની બોટલો ફેંકતા પરિસ્થિતિ વધુ વણસી હતી. સ્થિતિ કાબૂમાં લેવા પોલીસ અને **RAF**ની ટીમોએ ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો હતો. આ અચાનક થયેલી અથડામણને કારણે સ્થળ પર નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી, જેનાથી વાતાવરણ અત્યંત તણાવપૂર્ણ બન્યું હતું.











સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૨૬-૦૭-૨૦૨૬

# બગસરાના હુડકો વિસ્તારમાં સિંહે ગાયનું મારણ કરતા સ્થાનિકોમાં ભય

બગસરા,તા.૨૫

બગસરા શહેરના રહેણાંક વિસ્તાર ગણાતા હુડકો કોલોનીમાં રાત્રિ દરમિયાન એક સિંહે આવીને જગદીશ પ્રોવિઝન સ્ટોર સામેના ખુલ્લા ગ્રાઉન્ડમાં રખડતી ગાયનું મારણ કર્યું હતું. આ બનાવની જાણ થતાં જ જાગૃત નાગરિક દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી અને પંજાના નિશાન પરથી આ મારણ સિંહ દ્વારા જ કરવામાં આવ્યું હોવાની પુષ્ટિ કરી હતી. નોંધનીય છે કે થોડા દિવસો પહેલાં જ આ વિસ્તારમાં એક બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો,


તસવીર : હાર્દિક બામટા

અને હવે સિંહના આ પ્રકારે રહેણાંક વિસ્તારમાં આંટાફેરા અને મારણના બનાવથી લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. લોકો માટે રાત્રિના સમયે ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. વન્યજીવો દ્વારા અવારનવાર થતા હુમલાથી સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ માંગ કરી છે કે આવા હિંસક જાનવરોને રહેણાંક વિસ્તારમાંથી તુરંત ખદેડવામાં આવે અને વિસ્તારના લોકોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવામાં આવે.

# રાજુલાની સંઘવી પ્રા. શાળા નં. ૪માં SRP દ્વારા આધુનિક હથિયારોનું પ્રદર્શન યોજાયું

રાજુલા,તા.૨૫

રાજુલા તાલુકાની સરકારી સંઘવી પ્રાથમિક શાળા નં. ૪ ખાતે રાજ્ય અનામત પોલીસ દળ (એસઆરપી) જૂથ-૨૧, બાલાની વાવ દ્વારા વિદ્યાર્થીઓ માટે આધુનિક હથિયારોનું વિશેષ પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ આધુનિક હથિયારોની કામગીરી અને ઉપયોગ અંગે માહિતી મેળવી હતી. ડીવાયએસપી આર. પી. પટેલ, પીએસઆઈ કે.બી. બારડ, પીએસઆઈ એ.આર. ગુંદીગરા સહિત ૨૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા



હતા. અધિકારીઓએ દેશની સુરક્ષામાં સુરક્ષા દળોની ભૂમિકા અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. ડીવાયએસપી આર. પી. પટેલે વિદ્યાર્થીઓને દેશસેવા, શિસ્ત અને જવાબદારીનું મહત્વ સમજાવ્યું હતું તેમજ શાળાની કામગીરીની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સુમરા પણ હાજર રહ્યા હતા. અંતે શાળાના આચાર્યએ તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારી દામાણી હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ધારી,તા.૨૫



ધારી નગરપાલિકા સંચાલિત જી.એન. દામાણી મ્યુનિસિપલ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવવા સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. ધારી એલ.આઈ.બી.ના પૂજાબેન ખુમાણ અને વાળાબેને સાયબર ઠગાઈની વિવિધ પદ્ધતિઓ, શંકાસ્પદ લિંક અને ફ્રોડ કોલથી બચવાના ઉપાયો અંગે માહિતી આપી હતી. ઉપરાંત ડિજિટલ અરેસ્ટ જેવા ગુનાઓથી સાવચેત રહેવા અને શંકાસ્પદ ઘટના બને તો તાત્કાલિક સંબંધિત તંત્રનો સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી હતી.

# બગસરામાં મંગળવારે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ

**દર્દીઓને હવે અન્ય શહેરોમાં ડાયાલીસીસ કરાવવા જવાની જરૂર નહી રહે**

બગસરા,તા.૨૫

બગસરાના સરકારી દવાખાનામાં આખરે ડાયાલીસીસ સેન્ટરના લોકાર્પણની તારીખ જાહેર કરવામાં આવી છે. સરકારી દવાખાનુ અત્યાધુનિક બન્યા બાદ ડાયાલીસીસ સેન્ટર બનાવવાની વાતો કરવામાં આવી હતી જો કે લોકોની વારંવાર રજૂઆતને કારણે હવે આગામી તા.૨૮ને મંગળવારે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવશે. બગસરામાં જૂન-૨૦૨૫માં અત્યાધુનિક સુવિધા સાથે નવા સરકારી દવાખાનાનું લોકાર્પણ તત્કાલિકન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતુ ત્યારે તેમણે થોડા મહિનાઓમાં જ ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

જો કે એક વર્ષ થયા બાદ પણ ડાયાલીસીસ સેન્ટર શરૂ ન થતા દર્દીઓને ડાયાલીસીસ કરાવવા માટે અન્ય શહેરોમાં જવુ પડતુ હતુ. આ બાબતે આરોગ્ય મંત્રીને પણ રજૂઆત કરવામાં આવી હતી જો કે અખબારી અહેવાલ અને દર્દીઓની મુશ્કેલીને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા તાત્કાલિક મશીનરી અને ડાયાલીસીસ ટેકનિશિયનની નિમણૂંક કરવામાં આવી છે અને આગામી મંગળવારના રોજ સવારના ૧૦ કલાકે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવતા દર્દીઓ માટે ડાયાલીસીસ કરાવવા માટે અન્ય શહેરોમાં જવાની જરૂર નહી પડે તેથી દર્દીઓ માટે પણ રાહત થઈ છે.

# અમરેલીમાં બે પરિવારને જીવન જ્યોતિ વીમા હેઠળ રૂ. ૨ લાખની સહાય ચુકવાઈ

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા કુદરતી અવસાન પામેલા બે ખાતાધારકોના વારસદારોને રૂ. ૨-૨ લાખનો વીમા ક્લેમ આપવામાં આવ્યો છે. હેમાલ ગામના પ્રેમજીભાઈ ભીખાભાઈ જોગડીયાના તેમજ દાતરડી ગામના રૂખડભાઈ ટપુભાઈના વારસદારોના ખાતામાં સહાયની રકમ સીધી જમા કરવામાં આવી હતી. બેંક અધિકારીઓએ યોજનાની માહિતી આપી વધુમાં વધુ લોકો જોડાવા અપીલ કરી હતી.

# બગસરા હાઈસ્કૂલ ખાતે વાલી મીટીંગ યોજાઈ

બગસરા,તા.૨૫

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે ધો.૧૦ના બાળકોના વાલીઓની એક મીટીંગ યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષિકા દીપાબેન ગોહિલે બાળકોના વાલીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. જયારે શિક્ષક સ્નેહી પરમારે શાળામાં ચાલતી વિવિધ પ્રવૃતિની સમજ આપી



હતી. શાળાના આચાર્ય વી.કે. જેઠવાએ વાલીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે બાળકો બિનજરૂરી મોબાઈલનો ઉપયોગ કરતા હોય તો વાલીઓની ફરજ છે કે તેને મોબાઈલના આ વ્યસનથી દુર રાખવા જોઈએ, તેમજ આપનુ બાળક શાળાએ ક્યારે પહોંચે છે તેની પણ તપાસ વાલીઓએ કરવી જોઈએ વધુમાં આચાર્યએ શાળાની વિવિધ પ્રવૃતિ, શાળાનું આવતુ ઉચ્ચ પરિણામ તેમજ શિક્ષકો બાળકો પ્રત્યે કેટલા સજાગ છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# ભેસાણ ડેમના મરામત કાર્યનું મહેશ કસવાળાએ કર્યું નિરીક્ષણ

અમરેલી,તા.૨૫

સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ભેસાણ ડેમ ખાતે સિંચાઈ વિભાગ દ્વારા ચાલી રહેલા ઈમરજન્સી મરામત કાર્યનું ધારાસભ્ય મહેશ કસવાળાએ સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. આ ડેમ વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈની દ્રષ્ટિએ અત્યંત



મહત્વનો હોવાથી મરામત કામગીરી ઝડપથી અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ થાય તે માટે તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ધારાસભ્યએ ચાલી રહેલા કામનું ઝીણવટપૂર્વક અવલોકન કરીને કામગીરીની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે જરૂરી તકેદારી સાથે સમયમર્યાદામાં મરામત પૂર્ણ કરવાની સૂચના આપી હતી જેથી આગામી સિંચાઈ સીઝનમાં ખેડૂતોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.










-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૩૧/૨૦૨૬
મરણ તારીખ: ૧૨/૧૦/૨૦૧૫

જીવીબેન કાનજીભાઈ સોલંકી
રહે. કોટડા, ગામ-કોટડા,
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ.
ટી.એમ. ચાવડા, કોડીનાર

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી,કોડીનાર
નગરપાલિકા, કોડીનાર,તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ.

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર જીવીબેન કાનજીભાઈ સોલંકી, રહે. કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પતિ કાનજીભાઈ માંડણભાઈ સોલંકીનું મરણ તારીખ: ૧૨/૧૦/૨૦૧૫ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરે કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૬ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી-સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૫૭/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૨

સહેનાજ હુસેનભાઈ મોગલ,
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સહેનાજ હુસેનભાઈ મોગલ, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હુસેનભાઈ હસનભાઈ મોગલ તથા ફાતમાબેન હુસેનભાઈ મોગલ ના પુત્રી મેરૂનબેન હુસેનભાઈ મોગલનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૨ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૪૭/૨૦૨૬
જન્મ તારીખ: ૨૦/૦૫/૧૯૮૪

પઠાણ અમીનાબેન યુનુસભાઈ,
રહે. કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત દેવળી (દેદાની), તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પઠાણ અમીનાબેન યુનુસભાઈ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી યુનુસભાઈ હબીબખા પઠાણ તથા અમીનાબેન યુનુસભાઈ પઠાણ ના પુત્રી મુમતાજ યુનુસભાઈ પઠાણનો જન્મ તારીખ ૨૦/૦૫/૧૯૮૪ના રોજ કોડીનાર તાલુકાના દેવળી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૫૬/૨૦૨૬
જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૦

સહેનાજ હુસેનભાઈ મોગલ,
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર
જીલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા. કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સહેનાજ હુસેનભાઈ મોગલ, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હુસેનભાઈ હસનભાઈ મોગલ તથા ફાતમાબેન હુસેનભાઈ મોગલ ના પુત્રી રિઝવાનબેન હુસેનભાઈ મોગલનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૦ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# અમરેલીથી અમદાવાદ જતી એસટી બસ રોડ નીચે ઉતરી, મુસાફરોનો આબાદ બચાવ



અમરેલી,તા.૨૫

અમરેલીથી સવારે અમદાવાદ જવા માટે ઉપડેલી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની એક બસને અકસ્માત નડ્યો હતો. આ ઘટના લાઠી અને અમરેલી હાઈવે પર આવેલા ટોડા ગામ નજીક બની હોવાનું જાણવા મળ્યું છે. બસમાં સવાર મુસાફરો માટે આ એક ખૂબ જ ડરામણો અનુભવ હતો, પણ સદનસીબે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.જ્યારે બસ ઈશ્વરીયા ગામ પાસેથી પસાર થઈને લાઠી તરફ આગળ વધી રહી હતી, ત્યારે ચાલુ બસે ડ્રાઈવરની તબિયત અચાનક બગડી ગઈ હતી. તબિયત ખરાબ થવાને કારણે ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો પોતાનો કાબૂ ગુમાવી દીધો હતો. બસ રોડની જમણી બાજુ નીચે ઉતરીને બાજુના ખાડામાં ખાબકી ગઈ હતી.જોકે રોડના કિનારે આવેલો એક વીજળીનો થાંભલો બસની વચ્ચે આવી ગયો હતો. આ થાંભલાના કારણે બસ પલટી મારતા રહી ગઈ હતી અને એક મોટો અકસ્માત થતો અટકી ગયો હતો. બસમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે અને કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

# બગસરામાં ભૂંડના ટોળાએ ખેડૂત પર હુમલો કરતા મામલતદારને આવેદન



તસવીર : હાર્દિક બામટા

બગસરા તા.૨૫

બગસરામાં સવાર દરમિયાન ખેડૂત શૈલેષભાઈ કટેશીયા પોતાના ખેતરે કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ભૂંડના ટોળાએ તેમના પર હુમલો કર્યો હતો. હુમલાના કારણે ખેડૂતને ઈજા પહોંચી હતી. બૂમાબૂમ સાંભળી આસપાસના ખેડૂતો દોડી આવ્યા હતા અને ભારે મહેનત બાદ ભૂંડના ટોળાને ભગાડી ખેડૂતને બચાવ્યા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્ત ખેડૂતને સારવાર માટે બગસરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કરવામાં આવી હતી. સારવાર બાદ શૈલેષભાઈ સહિત અન્ય ખેડૂતો મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે વિસ્તારમાં ભૂંડનો ત્રાસ સતત વધી રહ્યો છે. ભૂંડના ટોળા ખેતરોમાં ઘુસી પાકને ભારે નુકસાન પહોંચાડે છે અને હવે ખેડૂતો પર પણ હુમલા કરવા લાગ્યા છે. જેના કારણે ખેતી કરવી જોખમી બની રહી છે. ખેડૂતોને સુરક્ષા મળે અને ભૂંડના ત્રાસમાંથી કાયમી રાહત મળે તે માટે તાત્કાલિક અસરકારક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# બાબરાના ઉંટવડ ગામે શેઢા પાસે પથ્થર ફેરવવા મુદ્દે માથાકૂટ

બાબરા, તા.૨૫

બાબરાના ઉંટવડ ગામે શેઢા પાસે પથ્થર ફેરવવા મુદ્દે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે છગનભાઈ પ્રેમજીભાઈ ખુંટ (ઉ.વ.૬૫)એ જગદિશભાઈ જાગાભાઈ ખુંટ તથા ચેતનભાઈ જાગાભાઈ ખુંટ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની વાડી ખેતરે પોતાની જમીનમાં શેઢા પાસે પડેલા પથ્થર ફેરવતા હતા. જેથી આરોપીઓને સારૂ નહીં લાગતા આરોપી જગદિશભાઈ જાગાભાઈ ખુંટએ ગાળો આપી શર્ટનો કાંઠલો પકડી ગાલ ઉપર ચાર પાંચ લાફાની મુંઢ ઈજા કરી હતી. બન્ને આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભાવિકકુમાર લાલજીભાઈ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓએ વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ બનાવી



સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સાયન્સ વિભાગના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે "વેસ્ટમાંથી બેસ્ટ" પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઘરમાંથી એકત્ર કરેલી નકામી વસ્તુઓ જેવી કે પ્લાસ્ટિક બોટલ, કાર્ડબોર્ડ, જૂના અખબાર અને સીડીનો ઉપયોગ કરીને શૈક્ષણિક મોડેલ્સ તથા સુશોભનની આકર્ષક વસ્તુઓ તૈયાર કરી હતી.આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં 'પુનઃઉપયોગ' (ઈીઢ્રેષ્ઠી, ઈીજી, ઈીષ્ઠઅષ્ઠજ્ઞી) ની ભાવના અને પર્યાવરણીય જાગૃતિ કેળવવાનો હતો. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી અને મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી સહિત આચાર્યશ્રી તથા શિક્ષકગણે વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને કલ્પનાશક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રદર્શનમાં રજૂ થયેલી કૃતિઓની સૌએ ખૂબ સરાહના કરી હતી.

# બગસરા શહેરમાં નીમી એકાદશી નિમિત્તે સત્સંગ શિબિર યોજાઈ



અમરેલી,તા.૨૫

બગસરા ખાતે નીમી એકાદશીના પાવન અવસરે જુના સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવેકસ્વરૂપ સ્વામી દ્વારા કથા અને સત્સંગ યોજાયા હતા. તેમણે નીમી એકાદશીના ધાર્મિક મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ચતુર્માસ દરમિયાન લેવામાં આવતા નિયમોનું પાલન દેવ દિવાળી સુધી કરવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો.

# લાઠીના છભાડીયા ગામની સીમમાં આગથી ખેડૂતને ૯૫ હજારનું નુકસાન

લાઠી, તા.૨૫

લાઠીના છભાડીયા ગામની સીમમાં આગથી ખેડૂતને ૯૫ હજારનું નુકસાન થયું હતું. આ અંગે રમેશભાઈ વાલજીભાઈ મેવાડા (ઉ.વ.૪૨)એ દિલીપભાઈ બચુભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાની ખેતીવાડીમાં તુવેરના ઠુંઠા (ડાળીઓ) અને ખડ સળગાવ્યું હતું. જે આગ તેમની વાડીમાં સુકવણી કરેલી જુવારની નિરણ તથા જુવારનું બિયારણમાં લાગવાથી તેને રૂ.૯૫,૦૦૦નું નુકસાન થયું હતું. ફરિયાદ પરથી દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી એ ચારોલા ઘટના અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ગોપાલગ્રામ-ચલાલા રોડ પર બ્રિજની પહોળાઈ વધારવાની કામગીરી પૂર્ણ

અમરેલી,તા.૨૫

ગોપાલગ્રામથી ચલાલા રોડ પર કિ.મી. ૧૯/૩૭૫ ખાતે આવેલા માઈનોર બ્રિજની પહોળાઈ વધારવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. કામગીરી પૂર્ણ થતા બ્રિજ પરથી વાહનવ્યવહાર ફરી શરૂ કરી દેવામાં આવ્યો છે. અગાઉ બનાવવામાં આવેલ ડાયવર્ઝન હવે બંધ કરી દેવાયું છે અને વાહનચાલકો મૂળ બ્રિજ પરથી અવરજવર કરી રહ્યા છે. બ્રિજની પહોળાઈ વધતા વાહનોની અવરજવર વધુ સરળ અને સલામત બનશે. ખાસ કરીને ચોમાસામાં ડાયવર્ઝનના કારણે પડતી મુશ્કેલીઓથી રાહત મળશે.

# અમરેલી જિલ્લામાં જુદાજુદા પાંચ સ્થળેથી દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે પાંચ સ્થળેથી દેશી દારૂ જપ્ત કર્યો હતો. ઈશ્વરીયા-વરસડા રોડ ઈન્ડિયન મીલ પાસેતી ૮ લીટર, વરસડા ગામે ડેમના પાળા પાસેથી ૫ લીટર, સાવરકુંડલામાં દેવળા ગેઈટ વિસ્તામાં ગાંધી ચોક પાસેથી ૫ લીટર, અમરેલીમાં સુળીયાટીંબા પાસેથી ૭ લીટર અને અમરેલી ફતેપુર રોડ હુડકો પાસેથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૨ લીટર દેશી દારૂ પકડાયો હતો. અમરેલીમાં ધારી રોડ સધરાજકના કારખાના પાસેથી દેશી દારૂ બનાવવાનો ૨૯૦ લીટર આથો પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.






## અવસાન નોંધ

**દામનગર**

દામનગર નર્મદાશંકર ગીરજાશંકર ત્રિવેદી ઉ.વ.૯૪નો તા.૧૯/૭/૨૬ને રવિવારના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ.અરૂણભાઈ, યોગેશભાઈ, સ્વ. મનોજભાઈ, ભરતભાઈ, વિપુલભાઈ, ચેતનભાઈ, અતુલભાઈ તેમજ દિપ્તીબેન, પ્રદિપકુમાર ત્રિવેદીના પિતાશ્રી થાય. તેમની સરવણી તા.૩૦/૭/૨૬ને ગુરૂવારના દામનગર મુકામે રાખેલ છે.

**બગસરા**

બગસરા ગામના નિવાસી દરબાર મેરામભાઈ સામતભાઇ કોટીલા ઉંમર વર્ષ ૭૭ તે મહેશભાઈ, મહેન્દ્રભાઈ તેમજ ગભરૂભાઇના પિતા તેમજ જગુભાઈના મોટાભાઈનું અવસાન થયેલ છે.

**રાજકોટ**

સોની ધીરજલાલ ત્રિકમભાઈ પારેખના પુત્રવધુ સોનલબેન પારેખ (ઉ.વ. ૬૭), તેઓ ધવલ પારેખ, તન્વી કોટેચાના માતા, ચૈતાલીબેન પારેખના સાસુ, હિંમતલાલ ફિચડીયાની દીકરીનું અવસાન થયું છે.






## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૭૩/૨૦૨૬

શ્રી આરિફ જુસબ સોલંકી,
રહે.સાયવન કાસા રોડ, મુ.સાયવન(બાજારપાડા)
તા.ડહાણા, જી.પાલઘર-૪૦૧૬૦૨ (મહારાષ્ટ્ર) ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ઉમરાણી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી આરિફ જુસબ સોલંકીનો જન્મ તા.૩૧/૦૫/૧૯૬૩ ના રોજ ગામ મોજેઃ ઉમરાણી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ઉમરાણી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૭૪/૨૦૨૬

શ્રી રામજીભાઈ દાનાભાઈ રાઠોડ,
રહે.મોટી પાટી, મુ.ચુડા,તા.ભેંસાણ, જી.જુનાગઢ
એડવોકેટઃ વી.એમ.વીરડીયા, પરબ રોડ, મુ.ભેસાણ, તા.ભેસાણ, જી.જુનાગઢ .....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચુડા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રામજીભાઈ દાનાભાઈ રાઠોડ દ્વારા તેઓના પત્નિશ્રી રીનાબેન રામજીભાઈ રાઠોડનું અવસાન તા.૨૭/૧૧/૨૦૧૭ના રોજ ગામ મોજેઃ ચુડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ચુડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

## -//એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, ગીરગઢડા//-

અરજી નં.67/2026
મરણ તારીખ : 01/06/1990

ફુલુબેન કેશુભાઈ વાળા,
રહે.પડાપાદર, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર**, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફુલુબેન કેશુભાઈ વાળા, રહે.પડાપાદર, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર **કનકસિંહ કેશુભાઈ વાળાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૯૦**ના રોજ ગીરગઢડા તાલુકાના **પડાપાદર** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન વાંધ જવાબ રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

-:: જાહેર નોટીસ ::-

## -//એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, ગીરગઢડા//-

અરજી નં.68/2026
મરણ તારીખ : 01/06/1992

ફુલુબેન કેશુભાઈ વાળા,
રહે.પડાપાદર, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર**, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફુલુબેન કેશુભાઈ વાળા, રહે.પડાપાદર, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર **દિપસિંહ કેશુભાઈ વાળાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૯૨**ના રોજ ગીરગઢડા તાલુકાના **પડાપાદર** મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન વાંધ જવાબ રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# ખાંભામાં પરિણીતાને એસીડ પીવા મજબૂર કરનારા સાસસિયા સામે ફરિયાદ નોંધાઈ

ખાંભા, તા.૨૫

ખાંભામાં પરિણીતાને એસીડ પીવા મજબૂર કરનારા સાસસિયા સામે ફરિયાદ નોંધાઈ હતી. પરિણીતીની માતાએ જમાઈ, વેવાઈ-વેવાણ સામે ફરિયાદ નોંધાવી હતી. ગીર ગઢડાના નગડીયા પરોઠા વિસ્તારમાં રહેતા રાજીબેન ભીમાભાઈ સોલા (ઉ.વ.૫૫)એ ખાંભાના ભગવતીપરામાં રહેતા જમાઈ ગીરીશભાઈ ભાણાભાઈ જોગદીયા, વેવાઈ ભાણાભાઈ દુદાભાઈ જોગદીયા, વેવાણ ભાનુબેન ભાણાભાઈ જોગદીયા તથા કૈલાશબેન ભાણાભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની દીકરીના લગ્ન આશરે સાતેક વર્ષ પહેલા ગીરીશભાઈ ભાણાભાઈ જોગદીયા ના સાથે થયા હતા. તેમની દીકરીને તેના સસરા ભાણાભાઈ દુદાભાઈ જોગદીયા તથા સાસુ ભાનુબેન, નણંદ કૈલાશબેન દિનેશભાઈ વાળા અવારનવાર માનસિક ત્રાસ આપી હેરાન-પરેશાન કરતા હતા. જેથી તેની દીકરીને મનમાં લાગી આવતા ૨૩/૦૭/૨૬ના વહેલી સવારના આશરે એક થી બે વાગ્યાના અરસામાં એસીડ પી લીધું હતું. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**પરિણીતીની માતાએ જમાઈ, વેવાઈ-વેવાણ સામે ફરિયાદ નોંધાવી**

# ક્લાઈમેટ કેટાલિસ્ટ સમિટ ૩.૦માં અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજનો પ્રથમ નંબર

અમરેલી,તા.૨૫



કવિ શ્રી દાદા ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પડધરી અને 'પર્યાવરણ મિત્ર' એન.જી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો માટે 'Climate Catalyst Summit ૩.૦' નું આયોજન કરાયું હતું. આ સમિટમાં "ગુજરાતના આબોહવા ભવિષ્યની નવી કલ્પના યુવા, નીતિ અને કાર્ય" થીમ હેઠળ વિવિધ પર્યાવરણીય વિષયો પર પ્રસ્તુતિ યોજાઈ હતી.માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલીની પાંચ વિદ્યાર્થિનીઓએ ડૉ. નિરૂપા ટાંકના માર્ગદર્શન હેઠળ "આબોહવા પરિવર્તન અને સ્થિતિસ્થાપકતા" વિષય પર પ્રભાવશાળી રજૂઆત કરીને સમગ્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ટીમ હવે અમદાવાદ ખાતે યોજાનાર રાજ્યસ્તરીય તબક્કામાં પ્રતિનિધિત્વ કરશે. કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેન સોરઠિયા તથા કૉલેજ પરિવારે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કુકાવાવના જીથુડી ગામે પરિણીતાને કરિયાવર મુદ્દે સાસરીયાઓનો ત્રાસ

કુકાવાવ, તા.૨૫

કુકવાવના જીથુડી ગામે પરિણીતાને કરિયાવર મુદ્દે ત્રાસ આપવામાં આવ્યો હતો. હાલ નાના લીલીયામાં રહેતા ઈન્દુબેન જીલુભાઈ ધાધલ (ઉવ.૩૬)એ પતિ જીલુભાઈ ભીમભાઈ ધાધલ, સસરા ભીમભાઈ લખુભાઈ ધાધલ તથા સાસુ શાંતુબેન ભીમભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્ન આશરે ચૌદેક વર્ષ પહેલા થયા હતા. પતિને અન્ય સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હતો. જે બાબતે તેમણે પતિને ટોકતા પટ્ટા વડે શરીરે આડેધડ મુંઢમાર માર્યો હતો.

સસરા-સાસુએ કામ બાબતે તેમજ કરીયાવર બાબતે મેણાટોણા માર્યા હતા. તેમજ પતિ તથા સાસુ-સસરાએ જેમફાવે તેમ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**પતિ તથા સાસુ-સસરાએ જેમફાવે તેમ ગાળો આપી**

# ઉંટીયા ગામ પાસે યુવકને કપાળ ઉપર ધારીયુ માર્યું

રાજુલા, તા.૨૫

ઉંટીયા તથા હડમતીયા ગામ વચ્ચે યુવકને બળતણ કાપવાનુ ધારીયુ કપાળ ઉપર મારવામાં આવ્યું હતું. બનાવ અંગે સંજયભાઈ હીંમતભાઈ પરમાર (ઉં.વ.૨૨) એ મૂળ મધ્ય પ્રદેશના અને હાલ હડતમીયા ગામે વાડીએ રહેતા શીવાભાઈ, દુર્લભ ઉર્ફે પીન્ટુ ભુરીયા તથા દિપક સામે ફરિયાદ નોંધાવી હતી. જ મુજબ કામના તેમના મિત્ર દુલાભાઈ દેવાતભાઈ લાખણોત્રા તથા શીવાભાઈ વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમા તેઓ સાક્ષી હતા. તેનું મનદુ:ખ રાખી તેમનો કાઠલો પકડી બે ઝાપટ મારી હતી તથા બળતણ કાપવાનું ધારીયુ કપાળ ઉપર માર્યું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ કે પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના કૃષ્ણગઢ ગામે માતાજીના મઢમાંથી છત્તર, રોકડા સહિત રૂ.૧.૮૮ લાખની ચોરી

લાઠી, તા.૨૫

લાઠીના કૃષ્ણગઢ ગામે માતાજીના મઢમાં માનતાના ચડાવેલા છત્તર, રોકડા સહિત ૧.૮૮ લાખની ચોરી થઈ હતી. આ અંગે ધીરૂભાઈ હરીભાઈ અકબરી (ઉ.વ.૭૨) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યો ચોર ઈસમ માતાજીના મઢમાં પ્રવેશ કરી બારેક વર્ષથી માનતામાં ચડાવેલ અંદાજે ૭૦-૭૫ નાના મોટા છત્તર કુલ બે કિલો ચાંદી કિ.રૂ.૮૦,૦૦૦, દાન પેટીમાં દાનમાં આવેલ અંદાજે રોકડ રૂ.૧૨,૦૦૦ તથા સાહેદના ખોડીયાર માતાજીનો મઢમાંથી નાના મોટા ચાંદીના છત્તર અંદાજે ૪૦ વજન અંદાજે દોઢ કીલો કિ.રૂ.૬૦,૦૦૦ તથા રોકડ રૂ.૧૦,૦૦૦ની તથા સાહેદના પીપળીયા પરીવારના ખોડીયાર માતાજીના મઢમાંથી નાના મોટા છત્તર અંદાજે નંગ ૨૦ વજન આશરે પાચસો ગ્રામ કિ.રૂ.૨૦,૦૦૦ તથા દાનપેટી માંથી રોકડ રૂ.૬૦૦૦ મળી કુલ રૂ.૧,૮૮,૦૦૦ ના મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# સાવરકુંડલામાં ચાતુર્માસ અર્થે સાધ્વીજી ભગવંતોનો મંગલ પ્રવેશ

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલાની પાવન ભૂમિ પર ચાતુર્માસ અર્થે પરમ પૂજ્ય સાધ્વી ભગવંતોનો મંગલ પ્રવેશ શ્રદ્ધા અને ભક્તિસભર માહોલમાં ભવ્ય રીતે સંપન્ન થયો. આચાર્ય શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજના આજ્ઞાનુવર્તી અને સાધ્વી શ્રી પદ્મલતા શ્રીજીના શિષ્યરત્ના પરમ પૂજ્ય સાધ્વી શ્રી તત્વદર્શિતા શ્રીજી તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતા શ્રીજીનો પ્રવેશ ભાવિકોના જયઘોષ વચ્ચે થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓના સાનિધ્યમાં ચાતુર્માસ દરમિયાન ધાર્મિક પ્રવચન, સ્વાધ્યાય અને તપ-આરાધનાના વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતાએ તમામ ધર્મપ્રેમી ભાવિકોને આ ધાર્મિક આરાધનામાં જોડાઈને ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.ધાર્મિક આરાધનામાં જોડાઈને ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# અમરેલીમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે જિલ્લા માહિતી કચેરી દ્વારા રીલ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 'અમરેલીની ૮ દાયકાની વિકાસયાત્રા', 'દેશભક્તિના રંગે રંગાતું અમરેલી' અને 'રાજ્ય કક્ષાની ઉજવણી' જેવા વિષયો પર ૬૦ સેકન્ડની રીલ અથવા ૩ મિનિટની શોર્ટ ફિલ્મ બનાવીને ૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ઈ-મેઈલ કે રૂબરૂ એન્ટ્રી જમા કરાવી શકાશે. વિજેતાઓને સન્માનપત્ર આપી તેમની કૃતિઓ સોશિયલ મીડિયા પર પ્રસારિત કરાશે.આ ઉપરાંત, શિક્ષણ વિભાગ દ્વારા ૫ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ ચિત્ર, નિબંધ, વક્તૃત્વ, ક્વિઝ, દેશભક્તિ ગીત, મહેંદી અને વેશભૂષા સ્પર્ધાઓ યોજાશે. આ ઉજવણી અંતર્ગત ૧૦ ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસની ઉજવણી અને વૃક્ષારોપણ તેમજ ૧૩ ઓગસ્ટે પ્લાસ્ટિક જાગૃતિ અભિયાન અને પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે

**રીલ-શોર્ટ ફિલ્મ અને શાળાઓમાં સાંસ્કૃતિક સ્પર્ધાઓ દ્વારા સર્જાશે દેશભક્તિનો માહોલ**

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૦૦ | ૧૯૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૧ |
| જુવાર સફેદ | ૧૦૭૦ | ૧૧૩૦ |
| જુવાર લાલ | ૧૧૨૮ | ૧૩૩૦ |
| બાજરી | ૩૭૫ | ૪૬૪ |
| તુવેર | ૧૦૨૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૨૬૦ |
| ચણા સફેદ | ૧૦૭૫ | ૧૮૪૨ |
| અડદ | ૧૩૭૦ | ૨૦૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૯૬ |
| વાલ દેશી | ૬૦૦ | ૮૦૦ |
| ચોળી | ૯૮૦ | ૧૬૮૬ |
| વટાણા | ૫૯૦ | ૭૨૬ |
| રાજમા | ૫૬૦ | ૧૮૮૧ |
| સીંગદાણા | ૧૭૭૦ | ૨૧૫૦ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૨૧૫ | ૧૫૦૦ |
| તલી | ૨૨૫૧ | ૨૫૧૮ |
| એરંડા | ૧૩૧૫ | ૧૪૦૧ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૪૯૮ |
| સીંગફાડા | ૧૫૪૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૨૪૫૦ | ૩૬૮૦ |
| લસણ | ૧૧૨૬ | ૨૩૦૦ |
| ધાણા | ૨૪૪૧ | ૨૯૫૦ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૩૪૦ | ૧૭૮૦ |
| જીરૂ | ૩૩૨૧ | ૪૦૫૬ |
| રાય | ૧૩૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૯૬૦ | ૧૬૮૦ |
| અશેરીયો | ૮૧૦ | ૧૦૬૨ |
| કલોંજી | ૨૯૧૦ | ૩૬૪૭ |
| રાયડો | ૧૧૫૦ | ૧૫૨૦ |
| ગુવારનું બી | ૧૦૧૫ | ૧૧૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૩૧ | ૭૨૮ |
| પપૈયા | ૧૫૪ | ૩૨૮ |
| બટેટા | ૯૧ | ૩૦૨ |
| ડુંગળી સુકી | ૧૨૧ | ૪૩૧ |
| ટમેટા | ૨૨૯ | ૪૮૫ |
| સુરણ | ૬૧૧ | ૭૯૫ |
| કોથમરી | ૧૧૫૪ | ૧૬૭૧ |
| રીંગણા | ૫૫ | ૧૭૧ |
| કોબીજ | ૧૫૯ | ૪૦૨ |
| ફ્લાવર | ૩૬૬ | ૭૧૧ |
| ભીંડો | ૫૦૩ | ૭૧૪ |
| ગુવાર | ૪૫૪ | ૭૬૭ |
| ચોળાસીંગ | ૪૮૮ | ૮૩૭ |
| ટીંડોળા | ૪૦૩ | ૭૯૪ |
| દુધી | ૩૩૫ | ૪૫૬ |
| કારેલા | ૧૫૫ | ૪૧૨ |
| સરગવો | ૫૨૬ | ૧૧૬૭ |
| તુરીયા | ૩૮૯ | ૬૨૮ |
| પરવર | ૫૧૮ | ૭૩૧ |
| કાકડી | ૨૫૧ | ૭૬૪ |
| ગાજર | ૩૩૬ | ૫૨૧ |
| વટાણા | ૧૬૬૯ | ૨૬૦૫ |
| ગલકા | ૧૪૨ | ૪૦૩ |
| બીટ | ૩૭૨ | ૫૫૨ |
| મેથી | ૨૦૧૨ | ૨૫૨૮ |
| ડુંગળી લીલી | ૫૯૧ | ૧૦૨૪ |
| આદુ | ૧૬૨૩ | ૩૨૨૫ |
| મરચા લીલા | ૬૪૨ | ૮૬૩ |
| મકાઇ લીલી | ૨૨૫ | ૪૪૮ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૩૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૬૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૨૦૮૧ |
| સિંગ ફાડીયા | ૧૨૧૦ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૦૬૧ |
| ધાણા | ૨૨૦૦ | ૩૦૬૧ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૪૭૧ |
| અડદ | ૫૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૧ |
| રાય | ૧૭૫૧ | ૧૭૫૧ |
| મેથી | ૫૫૧ | ૧૪૦૧ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૮૧ |
| સફેદ ચણા | ૧૧૨૧ | ૧૯૪૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૭૧ |
| જુવાર | ૨૭૬ | ૧૨૪૧ |
| મકાઇ | ૫૨૧ | ૫૨૧ |
| મગ | ૧૧૫૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૫૬ |
| વાલ | ૬૦૧ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૧૬૨૧ | ૧૬૨૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૪૦૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૨૯૧ | ૭૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૨૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૪૦ |
| દુધી | ૧૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૬૪૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૩૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૪ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૧૦ | ૨૦ |
| કાચા કેળા | ૧૪૦ | ૩૬૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૨૨ |
| બીટ પુરા | ૨૫ | ૩૦ |
| સરગવો પુરા | ૧૮ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૦૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૮ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૪૫ |
| શિંગ દાણા | ૧૬૦૦ | ૨૧૪૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૩૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૬૪૫ | ૨૫૮૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૫ |
| તલ કાશ્મીરી | ૨૪૩૫ | ૨૪૭૦ |
| બાજરો | ૪૩૦ | ૪૭૫ |
| જુવાર | ૭૫૦ | ૧૨૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૫૫ |
| મકાઈ | ૪૯૦ | ૫૩૫ |
| મગ | ૧૦૦૦ | ૧૪૯૫ |
| અડદ | ૯૬૦ | ૧૮૪૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૫૦ |
| સફેદ ચણા | ૧૧૨૫ | ૧૨૨૦ |
| છોલે ચણા | ૧૬૩૦ | ૧૬૩૦ |
| તુવેર | ૯૫૫ | ૧૪૧૦ |
| કપાસ | ૧૦૩૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૨૧૦ | ૩૬૧૫ |
| ધાણી | ૨૧૪૦ | ૩૦૦૫ |
| મેથી | ૧૦૯૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૨૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શક્કરિયા | ૭૨૦ | ૮૨૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૩૦ |
| સુરણ | ૮૩૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ચીભડા | ૪૫૦ | ૭૫૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૨૦ |
| વટાણા | ૨૯૫૦ | ૩૦૫૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૩૪૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૧૪૨૦ | ૧૬૫૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૩૮૦ | ૪૮૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચા લીલા | ૬૨૦ | ૧૦૨૦ |
| ડુંગળી લીલી | ૧૪૨૦ | ૧૬૫૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૫૫૦ |
| લસણ સૂકું | ૧૪૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૮૦ |
| **બાબરા** | | |
| તલ કાળા | ૨૬૪૦ | ૩૨૪૦ |
| ઘઉં | ૫૦૫ | ૫૨૫ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૭ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૧૭૫ | ૨૧૭૫ |
| મગ | ૧૪૩૦ | ૧૪૩૦ |
| દાણા | ૧૬૧૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૩૦૦ |
| બાજરો | ૩૯૦ | ૪૭૦ |
| એરડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૧૫ | ૧૩૪૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૪ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૮૫ |
| ચોળી | ૮૦૦ | ૧૬૧૫ |
| અડદ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મગ | ૧૪૦૦ | ૨૧૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૮ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૭૫૬ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૨૬ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૬ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૧૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૮૦૦ | ૩૧૯૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૫૨ |
| જુવાર | ૯૧૫ | ૯૧૫ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| લસણ | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૮૦ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૯૫૫ |
| કલજી | ૨૨૨૫ | ૨૨૨૫ |
| તલ સફેદ | ૨૪૭૫ | ૨૬૦૦ |
| તલ કાળા | ૧૪૭૦ | ૨૯૯૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૦૧ | ૫૨૬ |
| મગ | ૧૧૧૧ | ૧૩૯૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૭૧ |
| વાલ | ૬૦૦ | ૬૦૦ |
| અળદ | ૧૦૦૧ | ૧૮૮૬ |
| તુવેર | ૮૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૫૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૯૯૬ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૬૮૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૪૬ |
| તલ કાળા | ૧૦૬૧ | ૨૫૦૦ |
| રાય | ૧૫૯૧ | ૧૫૯૧ |
| મેથી | ૧૩૭૬ | ૧૩૭૬ |
| જીરૂ | ૩૮૮૧ | ૩૮૮૧ |
| ધાણા | ૧૮૦૧ | ૨૯૯૧ |
| લસણ | ૨૦૦ | ૭૯૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૧૦૦ | ૧૪૯૬ |
| શિંગ દાણા | ૧૮૫૦ | ૨૩૫૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૪૫ |
| તલ કાળા | ૩૧૨૫ | ૩૭૭૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૪૦ |
| બાજરો | ૪૫૦ | ૪૯૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૫૩૬ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરડી | --- | ૧૩૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૩૫ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૦ | ૪૬૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૧૫ |
| મગ | ૧૫૧૦ | ૧૬૨૫ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૩૦ |
| તુવેર | ૯૦૦ | ૯૨૫ |
| ચોળી | ૩૪૦ | ૫૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૩ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તલી | ૨૧૦૦ | ૨૪૪૫ |
| લસણ | ૮૦૦ | ૨૦૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૭૫ |
| ધાણા-ધાણી | ૨૭૬૦ | ૨૮૪૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૨૫ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૨૦૩૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૫૫૨ | ૧૨૩૦ |
| બાજરી | ૩૫૧ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૪૨૩ | ૫૮૨ |
| મગ | ૧૬૨૫ | ૧૬૫૧ |
| મેથી | ૧૩૪૫ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૨૩૭૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૨૪૫ | ૩૫૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૮૫૫ | ૩૮૫૫ |
| ડુંગળી લાલ | ૯૬ | ૫૮૦ |
| ડુંગળી સફેદ | ૧૭૨ | ૪૮૬ |
| નાળીયેર | ૭૨૫ | ૨૫૯૨ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૫ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૬૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૪૦ |
| જુવાર | ૫૭૦ | ૧૨૫૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૫૦૦ |



06 વાર્તા વિશ્વ : રૂપા એટલું બોલ્યા પછી આનંદની સામે જ તાકી રહી..




સંજોગ ન્યૂઝ

# રસધાર

રવિવાર
26 - જુલાઇ , 2026







06 સપ્તરંગ: દોડધામની આ જિંદગીમાં રોમાંચક વિશ્રામ ક્યારે પ્રાપ્ત થાય છે ?


# હૉર્મુઝ: ક્યાં સુધી વિશ્વ અમેરિકા અને ઈરાનની દાદાગીરી સાંખતું રહેશે ?

વિચાર વલોણું



જયવંત પંડ્યા

તાજેતરમાં સમાચાર આવ્યા કે સાઉદી અરેબિયા સાથે પરમાણુ સમજૂતીને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે અનુમતિ આપી દીધી. આ તો કેવી વાત થઈ ! એક તરફ, અમેરિકા ઈરાનને પરમાણુ શસ્ત્રવિહીન બનાવવા માટે યુધ્ધ કરે. અને તેની ભેગું ઈઝરાયેલ પણ ભળે અથવા ઈઝરાયેલ ભેગું અમેરિકા ભળે, કારણકે અમેરિકાથી વિરુધ્ધ ઈઝરાયેલ તો મુસ્લિમ દેશોથી અને તેમની શત્રુતાથી ઘેરાયેલું રાષ્ટ્ર છે. તેથી ૨૦૧૧માં એક ટીવી સાક્ષાત્કારમાં કહ્યું હતું કે અમારું પહેલું લક્ષ્ય ઈરાન છે અને તે પછી પાકિસ્તાન. એટલે તેનો હેતુ તો ઈરાનને શું કોઈ પણ મુસ્લિમ રાષ્ટ્રને પરમાણુશસ્ત્રવિહીન બનાવવાનો છે. પરંતુ અમેરિકાનો ઈરાન પર યુધ્ધનો હેતુ તેલના વેપારમાં અને વિશ્વમાં વર્ચસ્વનો છે.

એટલે જ હૉર્મુઝ સમુદ્રધૂનિ પર ઈરાન વર્ચસ્વ જમાવવાની અચાનક વાત કરે તે સમજમાં નથી આવતું. શું એ અમેરિકાના કહેવાથી કરતું હશે? કારણકે ઈરાનમાં અત્યારે કોનું ચાલે છે તે જ ખબર નથી પડતી. અલી ખામેનેઈની અનેક દિવસો ચાલેલી અંતિમવિધિમાં તેમના પુત્ર અને ઈરાનના જાહેર કરાયેલા સર્વોચ્ચ પંથીય નેતા મોજતબા ખામેનેઈ દેખાયા જ નહીં. બ્રિટનના 'ધ સન' અને 'ધ ટાઈમ્સ' મુજબ, એપ્રિલની સ્થિતિએ મોજતબા ખામેનેઈ બેભાન અથવા તો કોમામાં હતા. તેમને પગમાં ગંભીર ઈજા પહોંચી છે. એટલે ઈરાનમાં સેનાનું ચાલે છે, ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખનું તે કળી શકાતું નથી.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ એપ્રિલમાં કહ્યું હતું કે હૉર્મુઝ બધા માટે ખુલ્લી છે, તેના કારણે ઈરાનનું રિવૉલ્યૂશનરી ગાર્ડ કૉર્પ્સ (આઈઆરજીસી) ક્રોધિત થયું હતું. આઈઆરજીસી હૉર્મુઝ પર નિયંત્રણ ઈચ્છે છે અને ત્યાંથી જહાજ નીકળે તેના પર ટૉલ વેરો ઉઘરાવવા ઈચ્છે છે. આના પર અમેરિકાને વાંધો છે. અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ગત ૧૪ જુલાઈએ જાહેર કર્યું હતું કે અમેરિકા હૉર્મુઝમાંથી નીકળતાં જહાજો પર ૨૦ ટકા ટૉલ વેરો લેશે.

આ તો વિશ્વ સમુદાયના નિયમ વિરુધ્ધ છે. માનવ સર્જિત નહેરમાંથી જહાજ પસાર થવા દેવા માટે તેના પર નિયંત્રણ ધરાવતો દેશ ટૉલ લઈ શકે, પરંતુ પ્રાકૃતિક આંતરાષ્ટ્રીય જળ માર્ગમાંથી પસાર થતાં જહાજો પાસેથી ન લઈ શકે. આ રીતે ઈજિપ્ત સુએઝ નહેરમાંથી પસાર થતાં જહાજો પાસેથી ટૉલ લે છે. પનામા પણ પનામા નહેરમાંથી પસાર થતાં જહાજો પર ટૉલ લે છે, પરંતુ હૉર્મુઝમાંથી પસાર થતાં જહાજો પાસેથી ઈરાન એટલા માટે ટૉલનો દાવો ન કરી શકે કે તે ઈરાનની ભૂમિને અડીને છે. અને અમેરિકા તો બિલકુલ નહીં.

પ્રશ્ન એ છે કે શું આઈઆરજીસી અમેરિકાના સંકેત પર હૉર્મુઝને બંધ કરવાની વાત કરે છે? અને તે ખોલાવવાના બહાને અમેરિકા તેના પર આધિપત્ય જમાવવા માગે છે? પ્રશ્ન એ પણ છે કે આ રીતે વિશ્વ સમુદાય ક્યાં સુધી હૉર્મુઝ પર આ રીતે દાદાગીરી સહન કરતું રહેશે? ગત ફેબ્રુઆરીમાં ઈઝરાયેલ અને અમેરિકાએ સંયુક્ત રીતે ઈરાન પર આક્રમણ કર્યું ત્યારથી અત્યાર સુધીમાં લગભગ ૩૦થી ૪૬ જહાજો ઈરાનના આક્રમણનો ભોગ બન્યાં છે. અને ૧૭ નાવિકોનાં મૃત્યુ થયાં છે. તેમાંથી સાતથી આઠ નાવિકો ભારતીય હતા.

આમ, આ બંને દેશો ગુપ્ત રીતે મળીને (સંતલસથી) હૉર્મુઝ પર આધિપત્ય જમાવીને ટૉલ ઉઘરાવવાના કાવાદાવા કરતા હોય કે પોતાની રીતે, એ વિશ્વના નીતિનિયમો વિરુધ્ધ તો છે જ. પરંતુ પ્રશ્ન એ છે કે અમેરિકાનો કાન કોણ પકડે? ઈરાનનું તો તોય સમજાય કે તેની સામે ઈઝરાયેલ પડેલું છે. અમેરિકા પડેલું છે, પરંતુ અમેરિકાનું શું?

અમેરિકા માત્ર ઈરાનને જ કનડે છે તેવું નથી. અગાઉ આ કૉલમમાં લખી ગયા પ્રમાણે, અમેરિકાનું એક લક્ષ્ય ભારત અને ચીન પણ છે. એટલે જ, ગત ૧૭ જૂને બંને દેશો વચ્ચે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં શસ્ત્રવિરામની સમજૂતી થઈ તે પછી અમેરિકાએ ૮ જુલાઈએ ફરીથી ઈરાન પર આક્રમણો શરૂ કર્યાં તે કયા કારણે? ભારતના કારણે.



યુધ્ધ અટક્યું એટલે ભારતે, ભારત માટે વ્યૂહાત્મક એવા ઈરાનના ચાબહાર બંદરગાહને ઈરાનના ઝહેદાન સાથે જોડવા તેની વચ્ચે ૭૦૦ કિમીના રેલવે પાટા નાખવા ૭ જુલાઈએ નિર્ણય જાહેર કર્યો. ભારતનો હેતુ મધ્ય એશિયા અને યુરેશિયામાં વેપાર પહોંચ સરળ બનાવવાનો હતો. આ દરમિયાન આઠ જુલાઈએ ફરીથી અમેરિકાએ ઈરાન પર આક્રમણ શરૂ કર્યું અને તે પણ ચાબહારને નિશાન બનાવીને.

૧૬ જુલાઈએ અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે પુષ્ટિ આપી કે અમેરિકી દળોએ ચાબહાર શહીદ કલંતરી બંદરગાહ પર આવેલા નિરીક્ષણ ટાવરને ઉડાડી દીધો છે. આ ટાવર ઈરાનની પાસેના દરિયામાં નિરીક્ષણનું કામ કરતો હતો. ભારત પાકિસ્તાનને બાયપાસ કરીને ઈરાન થઈ અફઘાનિસ્તાનમાં પૂરવઠો મોકલવાનું કામ કરે છે. તેમાં ચાબહારની ઉપયોગિતા ઘણી છે. ૨૦૨૪માં ભારતે જાહેર કર્યું હતું કે તે ચાબહાર બંદરગાહના કામકાજ માટે ઈરાન સાથે દસ વર્ષનો કરાર કરશે.

અમેરિકા અને ઈરાન આ રીતે દાદાગીરી કરીને હૉર્મુઝને બંધ રાખે છે તેનાથી તેમજ બંને વચ્ચેના યુધ્ધથી કાચા તેલના ભાવ વધે છે. આનો સીધો ફાયદો અમેરિકાને થાય છે. ભારત અને ચીન જેવા વિકાસશીલ રાષ્ટ્રોને તેનો ફટકો પડે છે. હવે તો, ઈરાન સમર્થિત હૌથી જૂથે લાલ સાગર (રેડ સી)માંથી નીકળતાં જહાજોને ધમકી આપી છે અને ઓછામાં ઓછા સાત જહાજોને તેના કારણે યુટર્ન લેવો પડ્યો છે. આમ, ઈરાનની દાદાગીરી માત્ર તેના દેશ પૂરતી સીમિત નથી. યમનમાંથી પણ તે હૌથી દ્વારા દાદાગીરી કરે છે. લેબેનોનમાં હિઝબુલ્લાહ ઈઝરાયેલના નાકમાં સળી કર્યા રાખે છે.

બીજા વિશ્વ યુધ્ધ પછી વિશ્વ અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચે સેન્ડવિચ થઈ ગઈ હતી. લગભગ મહત્ત્વના દરેક દેશમાં અમેરિકા તેની જાસૂસી સંસ્થા સીઆઈએ અને સોવિયેત સંઘ તેની જાસૂસી સંસ્થા કેજીબી દ્વારા દેશની સરકારોને અને વિપક્ષી રાજકારણીઓ તેમજ પ્રશાસનિક અધિકારીઓ (સંભવતઃ ન્યાયાધીશો પણ ખરા)ને પોતાની તરફ લાવવાનો પ્રયત્ન કરતાં હતાં. આખું વિશ્વ બંને દેશો માટે કુશ્તીનો અખાડો બની ગયું હતું. કેટલાય જાસૂસો તો ડબલ એજન્ટ તરીકે કામ કરતા. ત્રણ ડિસેમ્બર ૧૯૯૧એ કેજીબીને તો સમાપ્ત કરી દેવાઈ. ૨૬ ડિસેમ્બર ૧૯૯૧એ સોવિયેત સંઘનું પણ વિસર્જન થઈ ગયું. જોકે રશિયાની પાસે હવે એફએસબી (આંતરિક) અને એસવીઆર (વિદેશ માટેની) નામની જાસૂસી સંસ્થાઓ છે.

જોકે રશિયાની એસવીઆર હવે વિદેશમાંથી ગુપ્ત માહિતી મેળવે છે, રાજકીય પ્રભાવ વધારવાનું કામ કરે છે, અને ઘણી વાર દુષ્પ્રચારના શસ્ત્રનો પણ આશ્રય લે છે, પરંતુ હિંસાત્મક આંદોલનો કરાવીને સરકાર ઉથલાવવાનું કામ નથી કરતી. જ્યારે સીઆઈએ સરકારોને ઉથલાવવા હિંસાત્મક આંદોલનો પણ કરાવે છે. રાષ્ટ્રાધ્યક્ષોની હત્યાઓ પણ કરાવે છે.

૧૯૬૦ના દાયકામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડ્વાઈટ આઈજનહૉવરને થયું કે આફ્રિકાના ઝૈરે (હવે કૉંગો) ઉગતા રાજકીય સિતારા અને લોકતાંત્રિક ઢબે ચૂંટાયેલા પેટ્રિક લ્યુમુમ્બા અમેરિકાના શત્રુ છે ત્યારે ૧૭ જાન્યુઆરી ૧૯૬૧એ તેમની હત્યા થઈ ગઈ. સીઆઈએની સત્તાવર વેબસાઈટ પર એક પુસ્તક વિશે લખાયેલું છે, તેમાં ઉલ્લેખ છે કે લ્યુમુમ્બાની હત્યામાં સીઆઈએની ભૂમિકા હતી.

ઈન્દિરા ગાંધી વડાં પ્રધાન હતાં ત્યારે તેઓ અવારનવાર સીઆઈએ પર તેમની સરકારને ઉથલાવવા અને ઘરેલુ બાબતોમાં હસ્તક્ષેપનો આરોપ મૂકતા હતા. કૉંગ્રેસ દ્વારા વિપક્ષી નેતાઓને સીઆઈએ અથવા આઈએસઆઈ એજન્ટ તરીકે ગણાવી દેવામાં આવતા.

સામા પક્ષે સીઆઈએના જણાવ્યા મુજબ, સોવિયેત સંઘ કૉંગ્રેસ-આઈ (ઈન્દિરા ગાંધીવાળી કૉંગ્રેસ), બે સામ્યવાદી પક્ષ અને વિવિધ પક્ષોના નેતાઓને આર્થિક સહાય પૂરી પાડતું. એટલું જ નહીં, સોવિયેત સંઘ ભારતીય સમાચારપત્રો (યાદ રહે, તે વખતે ટીવી કે ડિજિટલ મીડિયા નહોતું)માં પણ પોતાને જે સમાચાર છપાવવા હોય તે છપાવી શકતું હતું.

ઈ. સ. ૧૯૭૮માં ભારતમાં અમેરિકી રાજદૂત ડેનિયલ પેટ્રિક મોયનિહાને એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું, 'અ ડેન્જરસ પ્લેસ'. આ પુસ્તકમાં તેમણે લખ્યું હતું કે સીઆઈએએ ગુપ્ત રીતે કૉંગ્રેસ પક્ષને બે પ્રસંગે નિધિ (ફંડ, યૂ નૉ !) પૂરી પાડી હતી- વિશેષ તો કેરળ અને પ. બંગાળ રાજ્યોમાં. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ઈન્દિરા ગાંધીએ પોતે સીઆઈએ તરફથી નાણાં સ્વીકાર્યાં હતાં !

આવું રહસ્યોદ્ઘાટન કેમ થયું? તો વાત એમ હતી કે ઈન્દિરા ગાંધી વારંવાર સીઆઈએ તેમની સરકાર ઉથલાવવા ષડયંત્રો કરી રહી છે તેવા આક્ષેપો કરતાં હતાં. આથી મોયનિહાન ત્રાસી ગયા. તેમણે ભારતમાં સીઆઈએની કામગીરી અંગે આંતરિક તપાસ હાથ ધરી. આ તપાસમાં ઉપરોક્ત સત્ય બહાર આવ્યું હતું. તે સમયે મોરારજી દેસાઈની સરકાર હતી. અટલ બિહારી વાજપેયી સહિત જનતા પક્ષના પ્રધાનોએ ઈન્દિરા ગાંધી પર ઉપરોક્ત પુસ્તકના આધારે આક્ષેપો કર્યા હતા અને વળતામાં, ઈન્દિરાજીના સમર્થકોએ એટલે કે કૉંગ્રેસીઓએ મોયનિહાન પર વંશવાદી અને સામ્રાજ્યવાદી હોવાના આક્ષેપો કર્યા હતા.

પરંતુ અમેરિકા માત્ર સીઆઈએ દ્વારા જ આ કામ નથી કરતું. અમેરિકા અથવા બૃહદ રીતે કહીએ તો ડીપ સ્ટેટ પાસે અનેક રસ્તા છે. એનજીઓ, ફિલ્મ જગત, મીડિયા જગત, પ્રશાસનિક અધિકારીઓ, ન્યાયાધીશો અને છેલ્લે રાજકારણી. એનજીઓ મોટા ભાગે વિદેશી ફંડના આધારે ચાલતાં હોય છે. સેવાના નામે મેવા મેળવતી એનજીઓની વાત છે. સાચેસાચ સેવા કરતી એનજીઓની વાત નથી.

આ એનજીઓ સેવાની સાથે-સાથે પર્યાવરણના નામે, પશુદયાના નામે, શ્રમિકોની ચિંતાના બહાને, મહિલા અધિકારોના બહાને, દેખાવ-પ્રદર્શન કરે છે. સરકાર પાસે નીતિ ઘડાવવાનું કામ કરે છે. ઘણી વાર તો તેમાં તે મસાલો એટલે કે મટિરિયલ આપવાનું કામ કરે છે, સરકારી અધિકારીઓએ માત્ર તેને પ્રધાનો સમક્ષ રજૂ કરવાનું અને મત્તુ મરાવવાનું. તે સંસદમાં ખરડા તરીકે જાય અને કાયદો બને. ઘણી વાર તેની આવશ્યકતા ન પડે કારણકે નીતિ જ જાહેર કરવાની હોય.

જો એનજીઓને પોતાનો હેતુ સરતો ન લાગે અથવા અમેરિકાના વિરુધ્ધનું કંઈ પણ હોય તો તે દેખાવો કરાવે. દા. ત. કુદનકુલમ પરિયોજના. અટલજીની એનડીએ સરકાર વખતે રશિયા સાથે મળીને તમિળ નાડુમાં, કુદનકુલમ પરમાણુ ઊર્જા પ્લાન્ટ નાખવાનો હતો, પરંતુ તેનો પ્રૉટેસ્ટન્ટ ચર્ચ – ચર્ચ ઑફ સાઉથ ઈન્ડિયા, નેશનલ કાઉન્સિલ ઑફ ચર્ચીસ, પરમાણુ ઊર્જા વિરોધી જૂથ- પીપલ્સ મૂવમેન્ટ અગેઈન્સ્ટ ન્યૂક્લિયર એનર્જીએ ભરપૂર વિરોધ કર્યો.


ફેબ્રુઆરી ૨૦૧૨માં અકળાયેલા વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહે જાહેરમાં આક્ષેપ કર્યો કે વિદેશથી ભંડોળ મેળવતા એનજીઓ કુદનકુલમ પરમાણુ પરિયોજના અટકાવવાનું કામ કરી રહી છે.

એનજીઓ ઘણી વાર સીધી મેદાનમાં નથી આવતી. તે પોતાની સાથે સંકળાયેલા સ્થાનિકોના મનમાં વિરોધનાં બીજ રોપી દે છે. એટલે વિરોધ સ્થાનિકો કરે છે. જો આનાથી વાત ન બને તો એનજીઓ ન્યાયાલયના દરવાજા ખટખટાવે છે અને ઘણી વાર પર્યાવરણ, નૈતિકતા, માનવતા, માનવ અધિકારો, શ્રમિકોના અધિકારો, મહિલાઓના અધિકારોના નામે તેને જોઈતા ચુકાદા મળી પણ જાય છે. એક વાર આ મુદ્દો બને તે પછી ફિલ્મ જગતના લોકો મેદાનમાં આવે છે. તે પછી મીડિયામાં આ મુદ્દે એક તરફી રીતે (એટલે કે માત્ર એનજીઓના દૃષ્ટિકોણથી) નેરેટિવ ચલાવવામાં આવે છે. પરિણામે સરકાર ખલનાયક લાગવા લાગે છે. આ બધા પછી ભૂમિકા આવે છે રાજકારણીઓની- સાંસદો અથવા ધારાસભ્યોની. મોટા ભાગે સરકાર વિરોધી મુદ્દા બને એટલે વિપક્ષી સાંસદો અથવા ધારાસભ્યો તેને ઉઠાવવાના જ છે. છતાંય ન ઉઠાવે તો તેને ફોડી લેવામાં આવે છે.

તૃણમૂલનાં તત્કાલીન સાંસદ મહુઆ મોઈત્રા પર વેપારી દર્શન હીરાનંદાની તરફથી સંસદમાં સરકાર અને અદાણી સમૂહને નિશાન બનાવીને પ્રશ્નો પૂછવા માટે રોકડ નાણાં અને ભેટ લેવાનો આરોપ લાગ્યો હતો. તેના પગલે સંસદીય સમિતિએ તપાસ કરી અને તપાસમાં દોષી જણાતાં મહુઆ મોઈત્રાને ડિસેમ્બર ૨૦૨૩માંથી સંસદમાંથી કાઢી મૂકવામાં આવ્યાં હતાં એટલે કે તેમનું સાંસદ પદ ગયું હતું. આ ઉપરાંત અમેરિકાના પોતાની સરકારી સંસ્થાઓ પણ છે જે વિદેશોમાં ભડકો કરવાનું કામ કરતી હોય છે. આ સંસ્થાઓ ભારત જેવા દેશમાં માનવાધિકાર તળિયે ગયો હોવાનું કહે છે, અથવા ભ્રષ્ટાચારના ક્રમાંકોમાં ભારતમાં ભ્રષ્ટાચાર વધ્યો હોવાનું કહે છે, પંથીય લઘુમતી એટલે મુસ્લિમો, ખ્રિસ્તી, શીખો પર અત્યાચાર વધ્યા હોવાનું કહે છે અથવા સ્ત્રીઓ સામેના અપરાધો વધ્યા હોવાનું કહે છે. ઘણી વાર પોતાના સમાચારપત્રોમાં ભારતના અગ્રણી ઉદ્યોગ સમૂહો વિરુધ્ધ અહેવાલો છપાવે છે. આ બધા પછી ભારત જેવા દેશોમાં તેના ભાષાંતરો છપાય છે. તેના આધારે સંસદમાં હોબાળો મચે છે. સર્વોચ્ચમાં પીઆઈએલ થાય છે. આમ, અમેરિકા જેને ધારે તેને ખલનાયક બનાવી શકે છે. બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળમાં વિદ્યાર્થીઓનાં આંદોલનો તેનો પુરાવો છે. પ્રશ્ન એ છે કે વિશ્વ આખું અમેરિકા અને ઈરાન જેવા કટ્ટરવાદી સમર્થક દેશોથી ત્રસ્ત છે. ક્યાં સુધી તેમની દાદાગીરી ચાલશે? શેષ વિશ્વ શું આ બંને દેશો સામે એક નહીં થાય? ■ jaywant.pandya@gmail.com

## વધારે લોકો ભેગા થાય તો જ હાસ્યરસ માણી શકાય?

હાસ્યાય નમઃ



ડૉ. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)શું ન પીવાય?
દર્શન પટેલ (વડોદરા)
કોઈનું લોહી.

(૨)વધારે લોકો ભેગા થાય તો જ હાસ્યરસ માણી શકાય?
અશોકભાઈ જોશી (લીલિયા મોટા)
હા, એકબીજાને ગલગલિયાં કરવા માટે લોકો તો જોઈએને!

(૩)ભગવાન મંદિરમાં જ હોય કે હૃદયમાં?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
બન્ને જગ્યાએ એકસાથે પણ હોય! કેમ કાંઈ કામ હતું?!

(૪) આમાં કેમ જીવવું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
બધા જીવે છે એમ.

(૫) મ્યુનિસિપાલિટીને લોકો મુન્સીપાલ્ટી એવું કેમ બોલે છે?
યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)
જીભના લોચા વળી ન જાય એટલા માટે.

(૬)સપનુ રાત્રે ક્યાંથી આવે છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
દિવસે જતું રહ્યું હોય ત્યાંથી.

(૭)મારે એક મહિનો ખાવાપીવાનું બંધ કરી દેવું છે.. કોઈ સલાહ?
રામભાઈ પટેલ (સુરત)
પેલા એક મહિનો માત્ર પીવાનું બંધ કરી જુઓ.

(૮)કોઈને સપનાના સપના આવતા હશે?
રમાબેન પટેલ (અમદાવાદ)
હા, પત્નીનું નામ સપના હોય એને આવી શકે.

(૯)'સ્વસ્થ રહેવાના સો ઉપાયો' પુસ્તકના લેખક અઠવાડિયામાં બે વાર દવાખાને લાઈનમાં ઉભેલા જોવા મળે છે; કેમ ?
કનુભાઈ પરમાર (દામનગર)
એક સો એક-મો ઉપાય શોધવા.

(૧૦)ખરેખર માણસ જાગૃત છે એવું ક્યારે કહેવાય?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
ખરેખર એ જાગૃત હોય ત્યારે.

(૧૧)ભારત મંત્ર લખવા શું કરવું જોઈએ?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
ભારતને પ્રેમ.

(૧૨)સાહેબ..! બોજ વગર મોજ થાય?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
ટ્રાઈ કરી જુઓ.

(૧૩)શ્રાવણ મહિનામાં મોળું ખાઈને એકટાણાં કરવા છે. થઈ શકશે?
જય દવે (ભાવનગર)
વિચાર મોળો હશે તો નહીં થઈ શકે.

(૧૪)હવેના ભૂત કેમ કોઈને વળગતા નથી?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
અત્યારે બધા માણસો મોબાઈલને વળગેલા છે. ભૂત વળગેલાને વળગતા નથી.

(૧૫)કેટલા રૂપિયા હોય તો અમીર કહેવાય. કેટલા રૂપિયા ના હોય તો ગરીબ કહેવાય?
પરમાર હર્ષિદા ડી. (જંશવતપુરા જી - પાટણ )
ગરીબ કરતાં વધારે રૂપિયા હોય એ અમીર કહેવાય અને અમીર કરતાં ઓછા રૂપિયા હોય એ ગરીબ કહેવાય. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ઉપવાસ અને આંદોલન – સિધ્ધ અને સાધનશુધ્ધિ

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ભારતે વિશ્વને આપેલ મહાનત્તમ ભેંટોમાં કે વારસામાં એક સંન્યાસ અને બીજો ઉપવાસ છે. પશ્ચિમી જીવનપધ્ધતિમાં સંન્યાસ કે ઉપવાસની ધારણાઓ કે ખ્યાલો નથી. જેમ મૌન એ વાણીનો ઉપવાસ છે તેમ અન્નત્યાગ કે અન્નમર્યાદા એ શરીરનો ઉપવાસ છે. આપણા હિંદુ શાસ્ત્રોએ ઉપવાસને અનેરું ધાર્મિક મહત્વ આપ્યું છે. મુસ્લિમ સંપ્રદાયમાં રોજા અને હિંદુ સંપ્રદાયમાં અનેક ધાર્મિક તહેવારો ઉપરાંત અગિયારસ જેવી ખાસ તિથિઓ નિમિતે ઉપવાસ કરવાનો રીવાજ કે ધાર્મિક માન્યતા છે. 'એકાદશી કરીએ તો વ્રજસુખ પામીએ...' જેવું કીર્તન પણ વૈષ્ણવ સંપ્રદાયમાં ગવાય છે. જૈન ધર્મમા તો સંથારો જેવી ઈશ્વરને પામવાની શ્રેષ્ઠ ઉપવાસની પરંપરા છે. જ્યાં પ્રાણ કાઢીને અંતિમને પામવા માટે જ ઉપવાસ આદરવામાં આવે છે. દુનિયામાં આનાથી બીજો પવિત્ર ઉપવાસ બીજો કોઈ નથી. ઉપવાસને ધર્મ સાથે સાંકળીને શરીરને નીરોગી રાખવાની અને ઈશ્વરને પામવા જેવી આસ્થાની એક શ્રેષ્ઠ અને આદર્શ હિંદુ ધાર્મિક પરંપરા રહી છે. હિન્દુસ્તાનમાં ઉપવાસ એ ત્યાં સુધી માત્ર ધર્મ સાથે સંકળાયેલી બાબત હતી જ્યાં સુધી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીએ બ્રિટીશ સલ્તનત સામે અને ઘણીવાર દેશની જનતાની પણ સામે ઉપવાસને એક હથિયાર તરીકે વાપર્યા નહોતા. ગાંધીજીએ ઉપવાસના અહિંસક અને અમોઘ શસ્ત્રથી બ્રિટીશ સલ્તનતને નમાવી અને ઉપવાસને રાજકીય પરિમાણ અને વજૂદ બક્ષ્યું. લોકપ્રશ્ને લોકનેતા દ્વારા આદરવામાં આવતા ઉપવાસ એક પવિત્ર રાજકીય પ્રયત્ન તેમજ ખ્યાલ છે. પોતાની જાતને પારાવાર પીડા આપીને લોકકલ્યાણ કાજે સત્તા, સમર્થ કે સામેવાળાને ઝૂકાવવાની આ એક અજાયબ પધ્ધતિને આખું વિશ્વ આંખો ફાડીને જોઈ રહ્યું. ભલભલા ભીમસેન ઝુકી પડે એવા એક નવા રાજકીય શસ્ત્રથી વિશ્વ અવગત થયું. કીડની કામ કરતી બંધ થઈ જાય, હૃદય બંધ થવાની કક્ષા સુધી ધીમું પડી જાય ત્યાં સુધી ઉપવાસ કરવાની ગાંધીજીની ક્ષમતા જાણતા અંગ્રેજોના આંતરડામાં આ ઉપવાસથી ચૂંથારો થવા માંડતો. ૬૪ વર્ષની ઉમરે ૨૧ દિવસના ઉપવાસની ગાંધીઘટનાનો દેશ સાક્ષી છે. જે બાબત, મુદ્દા કે માંગણી ને લઈને ગાંધીજીએ ઉપવાસ આદર્યા હોય એ બાબત, મુદ્દો કે માંગણી સમગ્ર હિન્દુસ્તાનનો તત્કાલ જીવનમંત્ર બની જતો એવો પ્રભાવ હતો.

જતીનદાસ ૨૪ વર્ષના ક્રાંતિકારી હતા જયારે તેમણે લાહોર જેલમાં રાજકીય કેદીઓને સામાન્ય ગુનેગારો જેવી અપાતી સગવડો સામે ૬૩ દિવસની ઐતિહાસિક ભૂખ હડતાલ કરી હતી. ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ લાહોરની જેલમાં અન્ન અને જળનો ત્યાગ કરીને તેઓ શહીદ થયા હતા. તેમની અંતિમયાત્રા કલકત્તા ખાતે નીકળી હતી ત્યારે હિન્દુસ્તાને ક્યારેય ન જોયેલો માનવ મહેરામણ આ શહીદને અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યો હતો. ઉપવાસનું આ અંતિમ ચરમ હતું જયારે એક ચોવીસ વર્ષનો નવલોહીયો યુવાન માં ભોમ કાજે ઉપવાસ કરીને શહીદ થયો હતો. આજે એક કે બે દિવસના પ્રીતિક ઉપવાસ કરતા અને મંચની પાછળ પરદાની આડમાં ખાતા રહીને ઉપવાસ કરતા કે બે દિવસમાં બર્ગર ખાઈને આમરણ અનશન તોડી નાખતા કોન્વેન્ટિયા સુંવાળા આંદોલનકારીઓ પોતાની માંગો પર અડગ નહિ રહી શકવાનું કારણ આવા આત્મબળનો અભાવ બતાવે છે. જતીનદાસ જેવું આત્મબળ લઈને વાજબી માંગો સાથે અનશન સરકારના પાયા ડગમગાવી દેવા પુરતું છે. અનશન એક એવું સાધન છે જો એ શુધ્ધ હોય, અને ઉમદા ઈરાદાઓ માટે હોય તો સિંહાસનના પાયા અસ્થિર કરી શકે છે. ઉપવાસ એ પ્રતિકાર કે વિરોધ કરવાનું કે તમારી માન્યતા કે વિચાર પ્રગટ કરવાનું શુધ્ધ અહિંસક શસ્ત્ર છે. સામેવાળાને શારીરિક ઈજા કર્યા વિના, ઉલટાનું પોતાની જાતને પીડામાં મુકીને વિરોધ કે પ્રતિકાર કરવાની વાત છે. વિરોધ કરવાની એક ઉચ્ચતમ કોટિની આદર્શ પધ્ધતિ છે. કર્મ કે પ્રવૃતિમાં સાધનશુધ્ધિ ભળતા એની પારદર્શિતા અને પવિત્રતા ઉંચાઈઓને આંબે છે. આઝાદી બાદ પણ ગાંધીજીએ ચીંધેલ આ શસ્ત્રનો રાજકીય ઉપયોગ થયો છે. જે આંદોલનો સફળ થયા છે એ બધા આંદોલનોના મૂળમાં શુધ્ધ ઈરાદાઓ રહેલા હતા. ભારતે આવા ઘણા આંદોલનો જોયા છે, જેપીનું નવનિર્માણ આંદોલન, વીપી સિંહનું આંદોલન, અને અન્ના હઝારેનું આંદોલન જેવા આંદોલાનોએ સરકાર ઉથલાવી નાખી હતી. આ અંદોલન કોઈ સરકાર ઉથલાવીને પોતાની સરકાર સ્થાપવા માટેના કે સરકારને અસ્થિર કરીને પોતાનો રાજકીય હેતુ સિધ્ધ કરવા માટેના નહોતા. આ અંદોલન પ્રજાના મુદ્દાને અસર કરતા હતા. જેની સાથે ખરેખર પ્રજાના મોટાભાગના વર્ગની સંવેદના જોડાયેલી હતી.

નીટ પેપરલીક મુદ્દે દિલ્હીના જંતરમંતર પર ધરણા પર બેઠેલા કથિત વિદ્યાર્થીઓએ સંસદને ઘેરવાનો અલોક્તાન્ત્રિક રસ્તો લઈને ધમાલ મચાવી જેમાં ૧૧૮ સુરક્ષા જવાનો અને વિદ્યાર્થીઓ પણ ઘાયલ થયા. એમણે પત્રકારોને પણ પીટ્યા. નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીએ તો લોકશાહીની અભિવ્યક્તિની પરંપરાને એથી પણ ગર્તમાં ધકેલતા પ્રધાનમંત્રી આવાસના ગેટ પર ધરણા દીધા. સરકારે પેપરલીક મુદ્દે રીનીટથી લઈને દોષિતો સામે કાર્યવાહી જેવા ઘણા ઠોસ પગલાઓ લઈને બીજી વખત ટૂંક સમયમાં સફળ પરીક્ષાનું આયોજન કરીને વિદ્યાર્થીઓને ન્યાય અપાવી દીધો હતો. વિપક્ષોના ભાંગતોડ એજન્ડા પર કામ કરતા અને સોશ્યલ મીડિયાની પાર્ટી ધરાવતા ચંદ માણસો લોકશાહીના નામે ભારતની લોકશાહીના ચીથરા ફાડવા દિલ્હીની સડકો પર ઉતરી આવ્યા. તેમનું પૂર્વ રાજકીય કનેક્શન આમઆદમીપાર્ટી હોવાનું જનતા સમક્ષ આવી જ ગયું છે. એ પક્ષના શીર્ષસ્થ નેતા ત્યાં તમને મંચ પર ટેકો આપવા પણ પહોચી ચુક્યા હતા. વિપક્ષો વચ્ચે આ અંદોલનનો મુદ્દો હાઈજેક કરવા અંગે સામસામી છીછરી આક્ષેપબાઝી થઈ રહી છે એ બતાવે છે કે વિપક્ષોને વિદ્યાર્થીઓના મુદ્દા અંગે કોઈ લેવાદેવા નથી. પોતપોતાનો રાજકીય રોટલો શેકી લેવા આંદોલનની ગરમ જમીન પર પોતાનો કબજો રહે તેવું ઈચ્છે છે. પેપરલીકનો મુદ્દો અત્યંત ગંભીર છે, સરકારની જવાબદેહી છે. એનો મતલબ સરકાર ઉથલાવી નાખવી હરગીઝ નથી. રાજકીય પક્ષો તક શોધે છે. બીજા છેડે સરકારે પણ મુદ્દો આટલી સંવેદનશીલતા પકડે તો મંત્રીનું રાજીનામું લઈ લેવામાં સ્વાભિમાન આડે ન લાવવું જોઈએ. સરકારે આવા અંદોલનની આડમાં દેશના કે વિદેશી દેશવિરોધી તત્વોને મોકો આપવો ન જોઈએ. એક મંત્રીનું રાજીનામું અને બીજી નાનીમોટી માંગણીઓ સામે સરકારને અસ્થિર કરનારા તત્વોને તક ન આપવી જોઈએ.

ક્વિક નોટ – જનતાના મોટા મોટા જથ્થાઓ નાં જૂઠ કરતા મોટા જૂઠને વધારે સરળતાથી માની લે છે. – એડોલ્ફ હિટલર ■

production@infiniumpharmachem.com

# રૂપા એટલું બોલ્યા પછી આનંદની સામે જ તાકી રહી..




લઘુનવલકથા
યોગેશ પંડયા

'...ચાર આંગળીના પેટનો ખાડો પૂરવા ચાર રોટલી અને વાટકી દાળ જોઈએ છે. બે જોડી લૂગડા છે દેહને ઢાંકવા! સગી મા પણ ન હોય એવી માઈ છે. ગંગાનો કાંઠો છે. આયખાનો ઉતરતો ઢાળ છે, સાહેબ..! હવે તો જયાં જયાં થાકલા આવતા જશે ત્યાં મનમળે એવા માનવીયુ જોડે ઘડીક ઘડીક સંગત કરતી જઈશ . જ્યાં ગિનાની અને તમારા જેવા પરમાર્થી મળે ત્યાં સત્સંગ કરતી જઈશ...!!

રૂપા એટલું બોલ્યા પછી આનંદની સામે જ તાકી રહી..

બંનેની ચાર નજર ભેગી થઈ ગઈ.અને પ્રેમના દીવા પ્રગટી ઊઠ્યા... આનંદે સ્મિત કરીને પૂછ્યું,"શું વિચારે છે?શું જુએ છે?"

"હું વિચારું છું ય તમને,અને જોઉં છું ય બસ,તમને જ...."રૂપા એટલું તો માંડ માંડ બોલી શકી.

અને આનંદે આ નાજુક ક્ષણોને માંડ માંડ દૂર હડસેલતા,હસી પડતા પેલી વાત માં વાતોનો ઝોક વાળી દેતા કહ્યું:

"સાચી વાત છે.. તારી. !!! જીવતરમાં જે થાકલે નિંદર આવે ઈ જ થાકલો સાચો રૂપી!! પણ ક્યારેક ક્યારેક જિંદગીમાં એવા છેતરામણા થાકલા ય મળે જયાં થાકલા નીચે ઘડીબે ઘડી બેસવાથી થાકલાની લગોલગ ઊભેલા ઝાડવેથી કીડાં ય ખરે છે. એ કીડા આપણાં રોમેરોમ કરડી ખાય એવાય હોય છે. અને એવા કોઈ માનવીયું પણ મળે. જે આપણને ભરખી જતા હોય છે ..રૂપી!"

"પણ જે સાચા થાકલા અને વિસામા મળ્યા છે એ ભૂલાતા નથી સાહેબ.."

"..તું મારી માટે એવો જ વિસામો હતી! આનંદ લાગણીશીલ થતા બોલ્યો : "સાવ અજાણ્યું ગામ, અજાણ્યા લોકો, અજાણ્યો મલક....!!પણ આટલા બધા જ માંથી એક તું જ મારી થઈ જાણીતી હતી કદાચ! તુંજ મારી ભીતર પહોંચી શકી હતી!

"ગયા ભવની અધૂરી ઓળખાણ..આ ભવમાં પૂરી થાય એટલે જ કદાચ ભગવાને તમને મોકલ્યા હોય મારી પાસે...." એટલું બોલતા તો રૂપીની છાતી ધડકી ઊઠી.

"ભવોભવની ઓળખાણ હોય. ઈતિહાસ તો પૂર્વજન્મનો મને કે તનેય યાદ ન હોય પણ.તું મળી, તો જાણે બધું જ મળી ગયું.

કશી જ અભિપ્સા, આશા, અરમાન રહ્યા નહોતા. તું જ મારી જીંદગીનું પૂર્ણવિરામ હતું જ્યાં મને સર્વ પ્રકારના સુખો પ્રાપ્ત થતા હતા. પણ અધૂરી ઓળખાણ પૂરી થઈ પણ આપણી લેણદેણ પૂરી ન થઈ રૂપા..!"

" એ ય બધું ઉપરવાળાના હાથમાં હશે, કદાચ..." રૂપી એ કહ્યું : આપણી ગત જનમની અધૂરી વારતાના બેચાર પાનાં લખવા તમે કદાચ મારે ત્યાં આવ્યા હો.."

"..હા. પણ તોય એ વારતા પૂરી ક્યાં થઈ રૂપી?" ઊંડા દુઃખ સાથે આનંદ બોલ્યો.

"વિધાતાએ એટલી જ વારતા લખી હશે..પણ એટલા.પાના ફરી ફરીને વાંચવા કેવા ગમે છે..??! જ્યારે પણ વિપતના વાદળા વરસવા માંડે,ખાલીપો અંદરથી ખાવા દોડે ત્યારે એ જ પાના લઈને હું બેસું છું.અને મારું મન શાંત થઈ જાય છે!"

"અરે,રૂપી!.. એ વારતાના પાનાં તો વેરવિખેર થઈ ગયા રૂપી.... લખવા ધારતો હતો કૈંક....ને વિધાતાએ લખી નાખ્યું કૈંક જૂદુ જ! જીવનમાં એક પાત્ર આવ્યું , એને પામી ન શક્યો અને પત્ની આવી એ મને ન સમજી શકી, કે પામી શકી! પણ બાના દિલને ઠેસ ન લાગે એટલે મેં મન મનાવી લીધું હતું! એક જ છત નીચે અમે રહેતા હતા પણ એકબીજાનાં મન સુધી ક્યાં પહોંચી જ શક્યા હતા! યુવાનીના જોશમાં ક્યારેક કોઈ ક્ષણે બે તન ભેગા થયા....પણ મન? મન તો વિખુટા જ રહ્યા."...

"પણ કૈંક તો બન્યુ હશેને! એની પાછળનું વજુદ?!..

"વજુદ માં વહેમની ફાંસ."

"કઈ રીતની ? તમારે કશું, ક્યાંય, ક્યાંક.."

"અરેરે... તું ય પણ?' આનંદ ઊંડા દુઃખ સાથે અંદરથી ઊછળી આવતા એક આક્રોશ સાથે બોલી ઊઠ્યો,:" તને ય મારા ચારિત્ર્ય ઉપર વહેમ??!"

"અરે... ના રે ના... રૂપા કંપી ઉઠી. "એવું ના વિચારો..હું તો એ કારણ જાણવા માગું છું કે એમ.કેમ થયું? તમારે ય મારી જેવું જ?? ..તો તો આપણી બે ય ની કહાણી એક સરખી જ??" એણે આનંદ ના ચહેરા સામે જોયું.તો આનંદ ની આંખોમાંથી આંસુ નીકળીને છેક ગાલ સુધી રેલાઈ આવ્યા હતા!

"અરે,અરે,અરે...બસ..આનંદ,બસ...." અચાનક એ ઊભી થઈને આનંદની પડખે બેસી જતા પોચા હાથે એ આંસુના રેલા લૂછી નાખતા બોલી:" બીજું બધું જ હું સહન કરી લઉ પણ તમારી આંખોમાંથી નીકળતા આંસુ હું ક્યારેય સહન નહીં કરી શકું..ચાલો,છાનાં રહી જાવ તો..." પોતાની હથેળીમાં આનંદનો ચહેરો સમાવતા બોલી.અને પછી તેની આંખોમાં આંખો નાખી લાગણીથી કહ્યું :'અરે, મારા રામ!.. તમારા ઉપર તો ગળા સુધી ભરોસો છે. સાવ કાચીને કુંવારી ક્ષણો તમારા હાથમાં હતી પણ તોય એ ક્ષણોને પકડવા એક પુરૂષ સહજ એક પણ ઈશારો નથી કર્યો. મારું ઘર હતું, એકાંત હતું. હું હતી વહેતી નદી જેવી! પણ તમે એ નદીને પામવા કદિ પણ ખોટું પગલું મૂક્યું જ નહોતું. નહીંતર તો એક ઉંબરો વળોટવા જેટલું જ દૂર હતું. કેટલી વાર લાગત? પણ ના..!!અને હા, મને તો વિશ્વાસ છે જ કે કાળી રાત હોય, તોય હું તમારી સંગ ચાલી નીકળતી. પણ એમને કેવો વહેમ? કયો વહેમ?

ચંદ્રકાન્તભાઈની દીકરી શ્વેતા, અને મારી ભાવિ પત્ની સુમન અમારી સગાઈ થયા પછી બન્ને એક જ હોસ્ટેલમાં રહીને ભણતા. એમાં ઓળખાણ થઈ અને શ્વેતાએ મારાં અને તારા સંબંધો વિષે...સાવ જૂઠનું સાચ કરી દીધું..!!

- હું જીંદગીભર એ વેણ- કવેણ સાંભળતો જ રહ્યો. ઘડીભર તો થતું કે ઘર છોડીને નીકળી જઉં પણ ભગવાને એક દીકરી આપી હતીને? એનું મોઢું મને આડું આવતું હતું. બા ય પણ મારો બળાપો સાથે લઈને જ ગઈ. બાપુજી તો પહેલા જતા રહ્યા હતા

- 'તો પછી? અત્યારે તમે એમની સાથે નથી? તમે જુદા છો??'

'ના....એને બ્રેસ્ટ કેન્સર થયું. અમદાવાદનાં અને મુંબઈ હોસ્પિટલના બહુ દોડા કર્યા. એની છેલ્લી ક્ષણોમાં... એણે મારી માફી માગી. કહ્યું કે મેં તમને બહુ સતાવ્યા છે. મને ખબર નહોતી કે મારો પતિ તો સાક્ષાત રામ છે. જેની નજરમાં મારી સિવાય કોઈ છે જ નહી.!'

અને એક દિવસ એ કહાણી પૂરી થઈ ગઈ! દીકરી નાની હતી. પણ તે જ દિવસથી મોટી થઈ ગઈ તું માન કે ન માન... પણ એ છોકરી મારી મા થઈ ગઈ...પણ...

'પણ હું સાવ એકલો થઈ જઈશ. જયારે એ જશે ત્યારે..' અચાનક આનંદની આંખમાં પાણી ધસી આવ્યા.

"રૂપા...દીકરીના સહારે જ જીવી રહ્યો છું. બાકી હવે કોઈ અબળખા બાકી નથી. એ ના પાડે છે...કે પપ્પા, તમને મૂકીને હું ક્યાંય જવાની નથી.. પણ દીકરી છે. એક દિવસ સાસરે તો મોકલવી જ પડશે. આનંદ બોલતો રહ્યો, હૈયું ખાલી કરતો ગયો. તે સાંભળતી ગઈ.

"પણ...પણ.." મારે માટે થઈને એને ક્યાં સુધી હું ઘરમાં સંઘરી રાખુ? એનાય અરમાન હોય, સમણાં હોય, કોડ હોય.... પણ... મા છે મારી!

'બસ હવે આમ રડો નહીં. મનેય ખૂબ દુઃખ લાગે છે. જીવતર પંખીના માળા જેવું છે. એક જ પરિવારમાં. કંઈ કેટલાય જનમો અગાઉ જીવી લીધેલા, વિખૂટા પડેલા, નોખાં નોખાં જીવ એક જ માળે આવે છે. એનું આયુષ્ય પુરૂ થયે જેમ ઊડી જાય છે એમ દીકરીઓ તો ખાલી મોટી થવા જ આવે છે ને! લીલેરા વનની ચરકલડી છે..સાહેબ! પંખીની જાત છે. એના માળે એને ઉડવાનું જ છે અને એ ફરજ આપણે પૂરી કરવાની છે..."

'પણ...એણે બાંધેલા, સાચવીને રાખેલા અને ગૂંથેલા માળા અને માળાના તણખલા જોઈને. આપણો જીવ... બળીને રાખ થઈ જાય રૂપી..."

"સગપણ તો ઝાડવું છે અને જીવતર પંખીની જાત છે. કોઈ પંખી આ માળામાં આવ્યું, સાથે રહ્યું અને કાલે ઊડીને જતું રહ્યું..

"પણ કોઈના નામનાં માળા હોય એ?"

..એને આપણે છેક છેલ્લે લગી જાળવવાના. એનું નામ જ જીંદગી! રૂદિયામાં નોંખાં નોખાં નામના માળાને નોખી નોખી લાગણીથી જાળવવાના, સાચવવાનાં અને શણગારવાના'ય પણ..! બસ, બાકી તો ભગવાને મમતા અને માયા નામનો પદારથ માનવીને આપ્યો જ ન હોત તો આ જીવરતરમાં બીજું રહેતેય શું? એના સહારે તો ટકી ગયા છીએ. તમે જીવને કોચવો મા! તમે મારી કહાણી તો સાંભળીને?

આનંદ તેના ખોળામાં માખું નાખી રડી પડયો કિચૂડ... કિચૂડ...

- રૂપાએ માથામાં વ્હાલપભર્યો હાથ ફેરવતા કહ્યું : જીવતર તો પંખીની જાત છે... સાહેબ... ચાર દિનની ઉડાન છે. જેવી ઉડાન પૂરી થઈ કે જીવતરેય પૂરું...

"પણ રૂપી, એ ઉડાન સીધી ક્યારેય નહોતી રહી. એમાં પવનના ઝપાટા એટલા બધા વાગ્યા કે પાંખો જ જાહલ થઈ ગઈ..! ક્યારેક આંધી આવી, ક્યારેક તોફાન આવ્યા. અને હવે? હવે ઊડતા ઊડતા જ થાકી જવાયું છે. ક્યારેક એવોય વિચાર આવે છે કે હજીય ક્યાં સુધી ઊડવાનું છે! આ વારતા ક્યારેય પૂરી થશે કે નહી? આ ઉડાન પૂરી થશે કે નહીં?

"હા...વાત તો તમારી સાચી છે પણ જેટલું જીવતરમાં લખ્યું છે એટલું તો ઉડવાનું જ છે ને?

- અચાનક એજ વખતે બહારથી અવાજ આવ્યો અને અટકાડેલું બારણું હળવેકથી ખૂલ્યું .

બન્ને ચોંકીને ઊભા થઈ ગયા. અને જોયું તો?

- આનંદની આંખો પહોળી થઈ ગઈ.

(ક્રમશઃ) ■

# દામજીને મીઠી ઊંઘમાં સાવ અલગ અને વિચિત્ર એવાં સ્વપ્નાં શરૂ થયા !




ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"સર...! એ બંગલો છે જ એવો. તેનો બાહ્ય દેખાવ અને આકર્ષણ એવું છે કે, ત્યાંથી નીકળીએ એટલે થોડીવાર માટે ઊભું તો રહેવું જ પડે. એ બંગલા વિશે મેં જાણ્યું છે કે તે બંગલો કોઈ જંગલ ખાતાના ઓફિસરનો છે. પણ સર..."

"બસ, હવે એ બંગલા વિશે મારે બીજું કંઈ આગળ જાણવું નથી, બરાબર...! તું નિરાંતે બેસ, હું તને માંડીને વાત કરું છું, શાંતુ... તું પણ સાંભળજે... :

ગઈ કાલે સવારના દસ વાગ્યે મારો જીગરી દોસ્ત રઘુમલ જાડેજા જામનગર આપણા ઘરે આવ્યો હતો. શાંતુ..., તું રઘુમલને સારી રીતે ઓળખે છે. એ તો એમ જ ગામમાં આવ્યો હતો એટલે બાને મળવા આવેલો, ખબર પૂછવા માટે. બાને મળી લીધું, થોડીવાર બેઠો પછી જવા માટે ઊભો થયો ત્યારે બાએ કહ્યું; 'એમ કંઈ હવે તારે જવાનું નથી, ગઈકાલનો દામો પણ મારી પાસે આવ્યો છે. તેને મળ્યા વગર થોડું ચાલ્યું જવાય...? એ બહાર આંટો મારવા ગયો છું. અબઘડીમાં આવવો જ જોઈએ...'

રઘુમલ મારી રાહ જોઈને બેસી રહ્યો. હું આવ્યો, અમે મળ્યા, ખૂબ જ આનંદ થયો. બપોરે અમે આપણા ઘરે જ જમ્યા, સાથે સાથે જમ્યા. પછી તો પેટભરીને ખૂબ ખૂબ વાતો કરી. આ દોસ્ત રઘુમલે મને વાત કરી કે, તમારા વિસાવદરમાં ક્યાંય ન જોયો હોય તેવો એક ભવ્ય બંગલો છે. આ બંગલો ક્રિષ્ના પેટ્રોલ પંપની બરાબર સામે જ છે. એટલે મને એ યાદ આવ્યું. તું વિસાવદરનો છે એટલે સ્વાભાવિક જ મેં તને આ બાબતે પૂછ્યું." દામલે ચોખવટ કરી વાત પૂરી કરી.

દામલે આવી સાવ અલગ જ વાત કરી એટલે શાંતુને તો હાશ... થઈ, નિરાંત થઈ. તેના શ્વાસ હવે સામાન્ય થવા લાગ્યા, ખૂબ નિરાંત થઈ હતી શાંતુને. છતાંપણ શાંતુ હજી વિચારતી તો હતી જ કે, દામલે પેલા લેડીઝ પર્સ વિશે મહેશને કેમ કશું પૂછ્યું કેમ નહીં હોય...?

ત્યારે દામજી વિચારતો હતો કે, લેડીઝ પર્સ મહેશના રૂમમાં કેમ આવ્યું હશે અને ક્યાંથી આવ્યું હશે? આ મારા ઘરમાં મહેશ સિવાય બીજું તો કોઈ નથી. અને એવા કોઈ બીજા છોકરા પણ આવતા નથી. પરંતુ આવું સીધે-સીધું મહેશને પૂછવું એ સારું ન લાગે. જે હશે તે ક્યારેક તો સામે આવશે જ. કોણ જાણે કેમ મહેશ છોકરામાં પણ દામજીને ઘણો બધો ફેરફાર તો દેખાયો જ હતો. હમણાં હમણાં તે વધારે ખીલેલો ને રંગીલો દેખાઈ રહ્યો હતો. આ સિવાય આ ઘરમાં સ્ત્રી તો એક માત્ર શાંતુ જ હતી. હવે એ પણ સાચું જ હતું કે કમળાપુરથી આવ્યો તે દિવસે જ તેને શાંતુમાં ફેરફાર થયેલો દેખાયો તો હતો જ. તેના લીસ્સા ગાલમાં કંઈક અલગ પ્રકારની લાલી ઉભરાયેલી સ્પષ્ટ દેખાઈ હતી. આ ઉપરાંત તેના સ્નેહાળ સ્વભાવમાં અને વર્તનમાં પણ થોડો બદલાવ તો જરૂર થયેલો જોવા મળ્યો હતો. ખાસ કરીને શાંતુના ચહેરાની રંગત હવે કંઈક જુદી જ તરી આવતી દેખાઈ રહી હતી.

સાંસારિક જીવનમાં સમાંતરે બધું જ વ્યવસ્થિત ચાલી રહ્યું હોય ત્યારે એવી પળોમાં શંકાનું અવતરવું ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. શંકા નામનો શબ્દ જ લંકા જેટલો મહાન અને ભારેખમ છે. જો કે દામજી તો ભોળો-ભાળો અને નોકરી કરતો સજ્જન, જ્ઞાની ઉપરાંત શુધ્ધ વિચારશીલ એવો વ્યક્તિ હતો. સારું, સાચું શું... અને ખોટું ખરાબ શું? એવાં બધાં જ તેને ખબર પડે. છતાંય પણ શારીરિક સંબંધી મુશ્કેલીઓ થોડી પાતળી એવી નબળાઈ કે પછી થોડી નાની એવી ક્ષતિનો અહેસાસ વારંવાર થતો હોય ત્યારે આવા નીત નવા વિચારોનું અવતરણ ઉદ્ભવે છે. ને આવા વિચારો થકી જ ન ધાર્યું હોય તેવા પરિણામ પણ આવી શકે છે.

થોડું એવું લાગ્યું પરંતુ હવે તો રાબેતા મુજબ જ બધું ચાલવા લાગ્યું. દામજી અને શાંતુ નિયમિત સ્કૂલે ચાલ્યાં જતાં. મહેશ પણ તેના ટાઈમે પંચાયતમાં નોકરીએ જતો રહેતો. આમ દિવસે નહીં પણ સાંજના બધાં સાથે બેસીને ખાતાં પીતાં...! આ રોજનો કાર્યક્રમ હતો. દિવસ પછી દિવસ પસાર થતાં રહ્યાં. જોતજોતામાં બે મહિના તો પસાર પણ થઈ ગયા.

હમણાં હમણાં રાતના દામજીને મીઠી ઊંઘમાં સાવ અલગ અને વિચિત્ર એવાં સ્વપ્નાં આવવા શરૂ થયાં હતાં. અકલ્પ્ય એવા સ્વપ્નોને દામજી પોતાની રીતે માનસિક રોગ માનતો. હા, હવે તેને આવતાં સ્વપ્નામાં મંદિર તો અવશ્ય દેખાતું જ, આ વિશિષ્ટતા હતી. ક્યારેક તો ઊંચે ઊંચે ગગનમાં બાની આંગળી પકડી તે પોતાને આમ-તેમ ફરતો જોતો. સ્વપ્નામાં આવું જોઈ દામજી વિચારતોઃ

(ક્રમશઃ) ■

# દોડધામની આ જિંદગીમાં રોમાંચક વિશ્રામ ક્યારે પ્રાપ્ત થાય છે ?



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

જિંદગીમાં સહુને વિશ્રામ કંઈ પ્રાપ્ત થતા નથી. દોડતા દોડતા થાકી જતાં ને પછી જ્યાં હોય ત્યાં પડતા લોકોનો સમુદાય મોટો છે. લોકો દોડવાનું શરૂ કરે ત્યારે એ વિચારતા નથી કે એ દોડનું પરિણામ સુખ આવશે કે દુઃખ ? પૈસાની જરૂરિયાત માટે દોડનારાઓ અને સુખી હોવા છતાં પૈસાની ભૂખ માટે દોડનારાઓ વચ્ચે તફાવત છે. અનેક લોકો એવા છે કે એની જિંદગીની દોડ અટકતી જ નથી. તેમની જીવનલીલા દોડતા દોડતા જ સંકેલાઈ જાય છે. કારણ કે એમને કોઈએ અટકવાનું કહ્યું જ નથી અને સ્વયંને તો ભાન જ નથી કે જિંદગીમાં લેવા જેવા આપાર સુખના વૈભવ માણ્યા વિના જ બાકી રહી જશે તો ? એવો વિચાર એમને આવતો જ નથી.

વિશ્રામ તો કદાચ મહામૂલી કમાણી છે. જેમને એકવાર ભક્તિનો રંગ લાગે એમને પછી સંસારના કોઈ થાક લાગતા નથી અને હરિનામ જ એમને માટે પરમ વિશ્રામ બની જાય છે. તુલસીદાસે રામચરિતમાનસની રચના પરિપૂર્ણ કર્યા પછી કહ્યું કે પાયો પરમ વિશ્રામ.... એનો અર્થ એ છે કે તેમણે એમાં વિશ્રામ અને પરમ વિશ્રામમાં ભેદ કર્યો છે. વિશ્રામ એટલે જેમાં આપણું શરીર થાક અનુભવતું હોય અને પછી આરામ કરવાથી એ થાક ઉતરતો હોય. તુલસીદાસ જે પરમ વિશ્રામની વાત કરે છે તે કદાચ ભવોભવના ફેરા અટકાવનારો વિશ્રામ છે. જાણે કે અમને લખચોરાસીમાંથી મુક્તિ મળી ગઈ છે. એટલે રામ ચરિત્રમાંથી પસાર થયા પછીનો એમનો અનુભવ એમણે કહ્યો છે. આત્મકથનાત્મક વાત ભાગ્યે જ કહેવાની ટેવ ધરાવતા તુલસીદાસે પોતાના વિશ્રામની વાત રમતા રમતા કહી દીધી છે.

સામાન્ય લોકો માટે આજે પણ રામકથાનું પાન વિશ્રામનો અનુભવ આપે છે પરંતુ એ પ્રાસંગિક હોય છે. પરમ જેવો ચિરંતન આનંદ એમાં નથી હોતો. સાધક કે સંત કોટિના કથાકારો માટે પરમ વિશ્રામ હોઈ શકે છે. એકવાર મોરારિબાપુએ કહ્યું કે આ વ્યાસપીઠ મારું એકાંત છે. લાખોની મેદની વચ્ચે તેમને એકાંતનો જે અનુભવ છે તે તેમના પરમ વિશ્રામના દ્યોતક વચન છે. યુગ બદલાઈ ગયો છે અને વિશ્રામના અનુભવ માટે જનસામાન્યને અનેક સાધન-સંપત્તિની જરૂર પડે છે. જે વ્યક્તિ જિંદગીમાં રોટી, કપડા ઔર મકાનના સંઘર્ષમાંથી પૂર્ણતઃ બહાર ન આવે એને માટે વિશ્રામનો અનુભવ સુલભ નથી. જવાબદારીઓની ઉપેક્ષા કરવાથી કદાચ આરામનો અનુભવ લોકો લેતા હોય, પરન્તુ એ બહુ ક્ષણિક હોય છે. ક્યારેક આવી પડેલા અને કાયમી હોય તો તેવા દુઃખની વિસ્મૃતિ પણ વિશ્રામનો અનુભવ આપે છે.

આવી વિસ્મૃતિ બેહોશીની લગોલગની હોય છે. એ તો નશામાં માણસ બધું ભૂલી જાય એમ જે કહેવાય છે એવું જ થયું. એટલે કે છેવટે તો દુઃખ જ અભિવૃધ્ધ થયું. કળણમાંથી બહાર નીકળવાનો પ્રયાસ જેમ હરણ કે અન્ય પ્રાણીને વધુ ફસાવે છે એમ જ ! પહેલી વાત તો એ છે કે વિશ્રામ જ એક જુદી પરિભાષા છે. ઉચ્ચાર જ જુઓને, વિશ્રામમાં જ રામ સમાયેલો છે. એ તુલસીને મળ્યો છે. વિશ્રામ સ્વ-અધ્યાયથી જ મળે. સ્વકર્મ અને સત્-કર્મની ફલશ્રુતિરૂપ જે નિરાત છે તે પરમ વિશ્રામ છે. જેમણે સપનેય બીજાઓના વિશ્રામને હાનિ કરી નથી એનો જ આવા આનંદ પર અધિકાર છે. લોકો નિવૃત્ત થાય પછી ઘરમાં સમાતા નથી. એનું કારણ એ છે કે ઘરના સભ્યો પાસેથી તેઓ જે આદિકાળથી સેવાઓ લેતા આવ્યા છે એ સેવા કરનારાઓને તેમણે નિવૃત્તિ આપી નથી.

બીજાઓને પોતાના કામ કે સ્વાર્થ માટે જે પ્રવૃત્ત રાખે એ ખુદ તો કદી નિવૃત્ત ન કહેવાય. તુલસીદાસ જેવો લાંબો રસ્તો તો આપણે ન લઈ શકીએ, એ તો વિરલ છે. પરંતુ આપણા તરફથી જીવનભર સહુને વિશ્રામ આપતા રહીએ તો એમ કરતાં કરતાં કદાચ પરમ વિશ્રામ સુધી પહોંચાય. મકાનનો હપ્તો ભરવાનો બાકી હોય કે બાળકોની ફી ભરવાની છેલ્લી તારીખ સમયના પ્રવાહમાં વહી ગઈ હોય તો વિશ્રામ ન મળે એ ભૌતિક જગતનો આપણો અનુભવ છે. ક્યારેક ખુદનો સ્વભાવ પણ વિશ્રામભંગ કરે ને ફરી આનંદનું સાતત્ય હણાઈ જાય. આયોજન બહુ મહાન શબ્દ છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના સતત પ્રયાસોને કારણે

# કુંકાવાવ-વડિયા ખાતે સરકારી કોલેજ માટે ૩૨,૩૭૬ ચોરસમીટર જમીન મંજૂર

અમરેલી ,તા.૨૫

અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડિયા તાલુકાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કુંકાવાવ-વડિયા ખાતે મંજૂર થયેલી સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજના નવા ભવનના નિર્માણ માટે ૩૨,૩૭૬ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. અમરેલી કલેક્ટર દ્વારા જમીન ફાળવણીનો સત્તાવાર હુકમ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું કે રાજ્ય સરકાર છેવાડાના વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ પહોંચાડવા પ્રતિબધ્ધ છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અન્ય શહેરોમાં જવું પડતું



હતું, પરંતુ હવે સ્થાનિક સ્તરે જ ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ બનશે. આ વિશાળ જમીન પર આધુનિક સુવિધાઓથી સજ્જ શૈક્ષણિક સંકુલનું નિર્માણ કરવામાં આવશે. કોલેજ કાર્યરત બનતા વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે રોજગારીની નવી તકો પણ ઉપલબ્ધ થશે. આ નિર્ણયને સ્થાનિક વિદ્યાર્થીઓ, વાલીઓ અને આગેવાનો દ્વારા આવકારવામાં આવ્યો છે.

# ઈરાનની જળસીમામાં LPG ટેન્કર પર થયો મિસાઈલ હુમલો, ૨૮ ભારતીય નાવિકો સુરક્ષિત

**ઘટનાને લઈ ભારતીય દૂતાવાસ સતત સંપર્કમાં, હુમલાખોર અંગે હજુ સ્પષ્ટતા નથી**

તહેરાન,તા.૨૫

ઈરાનની જળસીમામાં શુક્રવારે મોઝામ્બિકના ધ્વજવાળા 'દિશા' નામના LPG ટેન્કર પર મિસાઈલ હુમલો થયાની ઘટના સામે આવી છે. જોકે, જહાજ પર સવાર તમામ ૨૮ ભારતીય નાવિકો સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું



તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર માહિતી આપતા જણાવ્યું કે સમગ્ર ઘટનાની નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે અને સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્ક જાળવવામાં આવ્યો છે. 'ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઑફ ઈન્ડિયા'ના જણાવ્યા અનુસાર ટેન્કર પર્સિયન ગલ્ફ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક અજ્ઞાત મિસાઈલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાના કારણે ટેન્કરને નુકસાન પહોંચ્યું હોવાની માહિતી સામે આવી છે, પરંતુ તમામ ભારતીય નાવિકો સુરક્ષિત હોવાથી રાહતનો માહોલ છે. હુમલો કોણે કર્યો તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી અને તપાસ ચાલુ છે.

# ગાંધીનગરમાં સોશિયલ મીડિયા પર આંદોલનની પોસ્ટ મૂકનાર ૨૦૦ લોકોની કરાઈ અટકાયત

ગાંધીનગર,તા.૨૫

દેશમાં નીટનું પેપર લીક થયા બાદ યુવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં યોજાયેલી રેલી બાદ, સોશિયલ મીડિયા પર સત્યાગ્રહ છાવણી ખાતે યુવાનોને એકઠા થવા માટેના મેસેજ વાયરલ થયા હતા. આ બાબત ધ્યાને આવતાં જ ગાંધીનગર પોલીસ સાબદી થઈ ગઈ હતી. પોલીસે શહેરના મુખ્ય રસ્તાઓ પર બેરિકેટ્સ ગોઠવી દીધા હતા અને પરવાનગી વગર આંદોલન કરવા ભેગા થઈ રહેલા ૨૦૦થી વધુ લોકોની અટકાયત કરી હતી. જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમશેટ્ટીના જણાવ્યા અનુસાર, સોશિયલ મીડિયા પર મેસેજ વાયરલ કરનારાઓમાં કેટલાક આમ આદમી પાર્ટીના સમર્થકો પણ સામેલ છે. આંદોલન વધુ વેગ ન પકડે તે માટે સત્યાગ્રહ છાવણી અને સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

# સરકારે તમામ માંગણીઓ સ્વીકારતા વિરોધપ્રદર્શનનો અંત આવ્યો: સીજેપી

નવીદિલ્હી,તા.૨૫

નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે કેન્દ્રીય મંત્રીઓ જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહ સાથે યોજાયેલી બેઠક બાદ કોકરોચ જનતા પાર્ટીએ પોતાનું આંદોલન પાછું ખેંચવાની જાહેરાત કરી છે. સીજેપીના પ્રતિનિધિઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાએ માહિતી આપી હતી કે જંતર-મંતર પર ચાલી રહેલા આંદોલનની



મુખ્ય માંગણીઓ સરકારે સ્વીકારી લીધી છે.કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સાથે પાર્ટીની પ્રથમ માંગ પૂરી થઈ ગઈ છે. ઉપરાંત, વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી સહિત ભાજપ શાસિત રાજ્યોમાં પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી તમામ એફ.આઈ.આર. રદ કરવા અને ભવિષ્યમાં કોઈ કાનૂની કાર્યવાહી ન કરવાની બાંહેધરી અંગેનો ડ્રાફ્ટ મંગળવાર સુધીમાં સોંપવાની ખાતરી સરકારે આપી છે. આ ઉપરાંત, નીટ પરીક્ષા પાછી ઠેલાયા બાદ મુશ્કેલી ભોગવનારા પીડિત પરિવારોને વળતર આપવાની માંગણી સંદર્ભે પણ હકારાત્મક લેખિત ખાતરી મળતાં સીજેપીએ આંદોલન પૂરું જાહેર કર્યું છે.

# લીમડીમાં સ્મશાનના અભાવે બ્રિજ નીચે અંતિમ સંસ્કાર કરવા લોકો મજબૂર

દાહોદ,તા.૨૫

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના વસ્તી ગામમાં તંત્રની ભારે ઉપેક્ષા સામે આવી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે કોરિડોરના નિર્માણ વખતે જૂનું સ્મશાન તોડી પડાયા બાદ પાંચ વર્ષથી નવું સ્મશાન બન્યું નથી. ચોમાસામાં ખાડા અને કોતરો પાણીથી ભરાઈ જતાં ગ્રામજનો હાઈવેના બ્રિજ નીચે માટીના ઢગલા પર મૃતદેહના અંતિમ સંસ્કાર કરવા મજબૂર બન્યા છે.

અસંખ્ય રજૂઆતો છતાં સ્થાનિક સરપંચ કે હાઈવે ઓથોરિટી દ્વારા કોઈ જ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. આ નિષ્ક્રિયતાથી કોપાયમાન થયેલા ગ્રામજનોએ ચીમકી આપી છે કે જો વહેલી તકે નવું સ્મશાન મંજૂર કરી નિર્માણ શરૂ કરવામાં નહીં આવે, તો તેઓ હાઈવે પર ચક્કાજામ કરીને ઉગ્ર વિરોધ નોંધાવશે.

# સૌરાષ્ટ્રમાં રાજકોટ હાઈકોર્ટ બેન્ચ સ્થાપવાની વકીલોએ ફરી માંગ ઉઠાવી

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની લાંબા સમયથી ચાલી રહેલી માંગને વધુ મજબૂત બનાવવા માટે આજે રાજકોટ શહેરના રેસકોર્સ નજીક આવેલી એક ખાનગી હોટલમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ શહેરો તથા જિલ્લાના બાર એસોસિએશનના



હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા એક વર્ષથી રાજકોટ બાર એસોસિએશન દ્વારા સતત આ મુદ્દે રજૂઆતો કરવામાં આવી રહી છે અને હવે આ લડતને વધુ વ્યાપક બનાવવાની દિશામાં ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન આગામી દિવસોમાં સરકાર સમક્ષ સંયુક્ત રીતે વધુ અસરકારક રજૂઆતો કરવાની રણનીતિ ઘડવામાં આવી હતી. થોડા સમય પહેલાં ગુજરાતના કાયદામંત્રીને રૂબરૂ મળી હાઈકોર્ટ બેન્ચની માંગ રજૂ કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને કચ્છના લાખો લોકોને ન્યાયિક સુવિધા સરળતાથી મળી રહે તે માટે રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચની સ્થાપના સમયની જરૂરિયાત છે.

# બીજી ટી-૨૦માં ભારતે ઝીમ્બાબ્વેને ૯૦ રને હરાવી સિરીઝ જીતી

હરારે,તા.૨૫

T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પછી ભારતે પહેલી ્૨૦ સિરીઝ જીતી લીધી છે. હરારેમાં રમાયેલી બીજી મેચમાં ટીમ ઈન્ડિયાએ ઝિમ્બાબ્વેને ૯૦ રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. ભારતે પહેલા બેટિંગ કરતા ૫ વિકેટે ૨૧૯ રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૧૧૯ રન પર ઓલઆઉટ થઈ ગઈ. ઈશાન કિશને ૪૪ બોલમાં ૮૧ રનની ઈનિંગ્સ રમી. તિલક વર્માએ અણનમ ૬૦ રન બનાવ્યા. બોલિંગમાં અભિષેક શર્માએ ૩ વિકેટ લીધી. પ્રિન્સ યાદવ અને યશ ઠાકુરને ૨-૨ વિકેટ મળી હતી. ભારતની શરૂઆત સારી રહી નહોતી. અભિષેક શર્મા ૮ અને વૈભવ સૂર્યવંશી ૨૦ રન બનાવીને આઉટ થઈ ગયા. ત્યારબાદ ઈશાન કિશન અને કેપ્ટન શ્રેયસ અય્યરે




(૨૫) ત્રીજી વિકેટ માટે ૬૬ રન જોડ્યા. પછી ઈશાન અને તિલક વર્માએ ચોથી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી કરીને ભારતને ૨૧૯ રન સુધી પહોંચાડ્યું. ૨૨૦ રનને ચેઝ કરવા ઊતરેલી ઝિમ્બાબ્વે તરફથી કોઈ બેટર મોટી ઈનિંગ્સ રમી શક્યો નહીં. યશ ઠાકુરે બ્રાયન બેનેટ (૩૨)ને આઉટ કરીને ્૨૦ ઈન્ટરનેશનલમાં પોતાની પહેલી વિકેટ લીધી. પ્રિન્સ યાદવે બેન કરન અને કેપ્ટન સિકંદર રઝાને પવેલિયન મોકલ્યા. ઝિમ્બાબ્વેની ટીમ ૧૭.૫ ઓવરમાં ૧૨૯ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ.

# ધોરાજીમાં જ્ઞાન મંચ સ્પર્ધાનું ભવ્ય આયોજન

ધોરાજી, તા.૨૫

ધોરાજી ખાતે સ્થિત કનેરિયા સ્કૂલ ખાતે જન કલ્યાણ ગ્રુપ અને યુનિયન સ્પોર્ટ્સ ક્લબ દ્વારા 'જ્ઞાન મંચ સ્પર્ધા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના ૨૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવી હતી. સંસ્થાના ઉદયભાઈ ધીનોજા, જગદીશભાઈ ગામોટ, સુનિલભાઈ નિમાવત, જિતેન્દ્ર હેરમાં અને કિરીટભાઈ ધીનોજા જેવા કાર્યકર્તાઓના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ




યોજાયો હતો. સ્પર્ધાના અંતે રણજીતસિંહ જાડેજા, ઈશ્વરભાઈ બાલધા, દિનેશભાઈ ટોપિયા, કિશોરભાઈ રાઠોડ અને ભરતભાઈ બગડા સહિતના આગેવાનોના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને તમામ ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ધ્યેય યોગેશભાઈ અંટાળા પ્રથમ, કશ્યપ હેમલભાઈ વ્યાસ દ્વિતીય, વંશ અજયભાઈ પંડ્યા તૃતીય અને વિવાન દીપકભાઈ ઘેલાણી ચતુર્થ ક્રમે ઉત્તીર્ણ થયા હતા.

# રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં એરોસ્પેસ પર વરસાદી પાણી ટપક્યા

રાજકોટ,તા.૨૫

PM મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્વરૂપ રાજકોટના હિરાસરમાં સ્થિત ઈન્ટરનેશનલ



એરપોર્ટનો કુલ ખર્ચ અંદાજે રૂ.૧,૪૦૫ થી રૂ.૨,૬૫૪ કરોડ છે. નવા સંકલિત ટર્મિનલ બિલ્ડિંગનો ખર્ચ રૂ.૩૨૬ કરોડ છે અને તેમાં કુલ ૪ એરોબ્રિજ (એરોસ્પેસ) છે. જોકે તેમાંથી એક એરો સ્પેસ પર વરસાદી ટપકવાનું શરૂ થઈ ગયું છે. જેને કારણે હવાઈ મુસાફરોને ફ્લાઈટમાં જવા અને આવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અહીંથી પસાર થતા વિદેશી મુસાફરો પણ બાંધકામમાં થયેલા સંભવિત ભ્રષ્ટાચારને વખોડી રહ્યા છે.

# નવાબંદરમાં રૂ. ૨૪ લાખના ખર્ચે બે આંગણવાડીના નિર્માણનું ખાતમુહૂર્ત

ઉના,તા.૨૫

ઉના તાલુકાના નવાબંદર ગામે રૂ. ૨૪ લાખના ખર્ચે બે આધુનિક નંદઘર આંગણવાડીના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત યોજાયું હતું. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાનો, સ્થાનિક લોકો અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવી આંગણવાડીઓ તૈયાર થયા બાદ ગામના નાના બાળકોને વધુ



સારી શૈક્ષણિક, પોષણ અને રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ બનશે. સાથે જ સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને બાળકોને આપવામાં આવતી આરોગ્ય તેમજ પોષણ સંબંધિત સેવાઓ વધુ અસરકારક રીતે મળી શકશે. ગ્રામજનોમાં આ વિકાસકાર્યને લઈને આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

# કોડીનાર-પીપળી રોડ પર પાંચ સિંહોએ ગાયનો શિકાર કરતા ગ્રામજનોમાં ભય

કોડીનાર,તા.૨૫

કોડીનાર તાલુકામાં સિંહોની અવરજવર સતત વધી રહી છે. કોડીનાર-પીપળી રોડ પર રાજદીપ સ્કૂલ નજીક મોડી રાત્રે પાંચ



સિંહોએ એક ગાયનો શિકાર કર્યો હતો. ઘટનાના કારણે આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. માહિતી મુજબ સિંહો રાત્રે સ્કૂલ નજીક પહોંચ્યા હતા અને ત્યાં ચરી રહેલી ગાય પર હુમલો કરી તેનો શિકાર કર્યો હતો. ત્યારબાદ સિંહ પરિવારે આખી રાત શિકાર પાસે રહી ભોજન લીધું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ વહેલી સવારે લગભગ પાંચ વાગ્યા સુધી સિંહો ત્યાં જ રહ્યા હતા. ત્યારબાદ તેઓ નજીકના દેવડી અને વાડી વિસ્તાર તરફ આગળ વધતા લોકોમાં સાવચેતીનો માહોલ જોવા મળ્યો.

# ગોંડલના જામવાડી ગામમાં નવી બે આંગણવાડીઓ ખુલ્લી મૂકાઈ

ગોંડલ, તા.૨૫

ગોંડલ તાલુકાના જામવાડી ગામમાં બાળકોના સર્વાંગી વિકાસ અને પ્રાથમિક સુવિધાઓ મજબૂત કરવાના હેતુથી નિર્માણ પામેલી બે નવી આંગણવાડીઓનું લોકાર્પણ ધારાસભ્યના પ્રતિનિધિ તથા યુવા અગ્રણી ગણેશભાઈના હસ્તે સંપન્ન થયું હતું. ખાડિયા અને જીઆઈડીસી વિસ્તારમાં બનેલી આ બંને



આંગણવાડીઓ બાળકોના કંકુપગલાં સાથે વિધિવત ખુલ્લી મુકાતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો. આ પ્રસંગે ગણેશભાઈએ જણાવ્યું કે બાળકોને ઉત્તમ શિક્ષણ, પોષણ અને સંસ્કાર આપવા સુવિધાસભર આંગણવાડીઓ જરૂરી છે. સરકાર દ્વારા ગ્રામીણ ક્ષેત્રે માતાઓ અને બાળકો માટે સતત વિકાસલક્ષી કામગીરી થઈ રહી છે. આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા, તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ઢોલરીયા, સરપંચ વિનુભાઈ મોણપરા સહિતના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**નામ બદલાવેલ છે**

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ જ્યોત્સનાં રમણીક બાબરિયા હતું જે તેમાંથી બદલાવી નવું નામ જ્યોત્સનાં રમણીક બાબરિયા રાખેલ છે. હવેથી હું જ્યોત્સનાં રમણીક બાબરિયા નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.
સરનામુ - શેરી નં.૨,પટેલ સમાજ સામે,ગાયત્રી મંદીર પાસે,કોટડીયા વાડી
જેતપુર - ૩૬૦૩૭૦ , જી.રાજકોટ (ગુજરાત)

**નામ બદલાવેલ છે**

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ રમણીક નરસી બાબરીયા હતું જે તેમાંથી બદલાવી નવું નામ રમણીક નરસી બાબરીયા રાખેલ છે. હવેથી હું રમણીક નરસી બાબરીયા નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.
સરનામુ - શેરી નં.૨,પટેલ સમાજ સામે,ગાયત્રી મંદીર પાસે,કોટડીયા વાડી
જેતપુર - ૩૬૦૩૭૦ , જી.રાજકોટ (ગુજરાત)

**સાંતલપુર તાલુકામાં સવા ૧૫ ઈંચ અને રાધનપુર તાલુકામાં ૧૪ ઈંચ વરસાદ નોંધાયો**

# રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ તાલુકામાં વરસાદ

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ૨૬૫ જેટલા તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં ધોધમાર વરસાદને કારણે ચારેય તરફ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આપેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં સવા ૧૫ ઈંચ અને રાધનપુર તાલુકામાં ૧૪ ઈંચ નોંધાયો છે.

આ સિવાય વાવ-થરાદ ક્ષેત્રના ભાભરમાં ૧૧.૫ ઈંચ, દિયોદરમાં ૧૧ ઈંચ તેમજ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં સાડા ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત અન્ય ૧૦ તાલુકાઓમાં પણ ૫ ઈંચથી વધુ ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે સ્થાનિક નદી-નાળાઓમાં પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

રાજ્યમાં પડેલા ધોધમાર વરસાદના મુખ્ય આંકડાઓ પર નજર કરીએ તો, પાટણના સાંતલપુરમાં ૩૮૧ મીમી એટલે કે સવા ૧૫ ઈંચ, રાધનપુરમાં ૩૪૨ મીમી એટલે કે ૧૪ ઈંચ, વાવ-થરાદના ભાભરમાં ૨૮૭ મીમી એટલે કે ૧૧.૫ ઈંચ અને



દિયોદરમાં ૨૭૫ મીમી એટલે કે ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. ખેડાના નડિયાદમાં ૨૬૨ મીમી એટલે કે સાડા ૧૦ ઈંચ અને મહેમદાવાદમાં ૨૧૩ મીમી એટલે કે સાડા ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. બનાસકાંઠાના દાંતીવાડામાં ૧૮૦ મીમી અને સુરેન્દ્રનગરના થાનગઢમાં પણ ૧૮૦ મીમી એટલે કે ૭-૭ ઈંચ વરસાદ પડ્યો છે. મોરબીના વાંકાનેરમાં ૧૭૬ મીમી અને બનાસકાંઠાના સુઈગામમાં ૧૭૩ મીમી વરસાદ નોંધાયો છે.આજે સવારે પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. સવારે ૬ થી ૮ વાગ્યા સુધીના માત્ર બે કલાકના ટૂંકા સમયગાળા દરમિયાન રાજ્યના ૧૦૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. આ બે કલાકમાં ૧ ઈંચથી વધુ વરસાદ ધરાવતા વિસ્તારોમાં વાવ-થરાદનો દિયોદર તાલુકો ૧.૮૫ ઈંચ સાથે મોખરે રહ્યો છે. આ સિવાય લાખણીમાં ૧.૭૩ ઈંચ, બનાસકાંઠાના ધાનેરામાં ૧.૪૬ ઈંચ, વાવ-થરાદના રાહમાં ૧.૪૨ ઈંચ, બનાસકાંઠાના ઓગડમાં ૧.૩૦ ઈંચ, વલસાડના નાનાપોંઢામાં ૧.૨૨ ઈંચ અને નવસારીના ખેરગામમાં ૧.૦૨ ઈંચ વરસાદ વરસ્યો છે.

વરસાદના સતત આગમનને પગલે સ્થાનિક વહીવટી તંત્ર પૂરેપૂરું સતર્ક બની ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અને સાવચેત રહેવા માટે તંત્ર દ્વારા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

## પેપર લીક મુદ્દે જવાહર ચાવડાએ મુખ્યમંત્રી પાસે સમય માંગ્યો

ગાંધીનગર,તા.૨૫

રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધીને એક ખુલ્લો પત્ર લખ્યો છે. તેમણે પેપર લીક, બેરોજગારી અને શિક્ષણ વ્યવસ્થા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ જટિલ મુદ્દાઓ પર ચર્ચા કરવા તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાસે મુલાકાતનો સમય માંગ્યો છે. દિલ્હીમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, વારંવાર બનતી પેપર લીકની ઘટનાઓથી યુવાનોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. રાજકીય મતભેદોથી ઉપર ઉઠીને શિક્ષણમાં પારદર્શિતા અને વિશ્વસનીયતા લાવવા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવાની તેમણે અપીલ કરી છે. હાલ શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં આ પત્ર ચર્ચાનો વિષય બન્યો છે.

## રાજયમાં અતિભારે વરસાદને કારણે બાવળા નજીક પાણી ભરાતા ૯૦૦ લોકોનું રેસક્યૂ

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે સર્વત્ર જળબંબાકારની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અતિભારે વરસાદના લીધે અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર સનાથલથી બગોદરા સુધીનો રસ્તો સંપૂર્ણ બંધ કરવાની ફરજ પડી છે. બાવળા સ્થિત ગેલપ્સ પાર્ક પાસે પાણી ભરાતાં ફસાયેલા આશરે ૯૦૦ જેટલા લોકોને પોલીસ અને SDRFની ટીમ દ્વારા યુધ્ધધોરણે




રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યા છે. વાહનવ્યવહાર પૂર્વવત ન થતાં અમદાવાદ અને સૌરાષ્ટ્ર તરફ જતા વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને નવા ધોલેરા એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થવા વૈકલ્પિક રૂટ જાહેર કરાયો છે.રાજ્યમાં ભારે વરસાદ અને ઘોડાપૂરના કારણે ૩૧થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. કટોકટીની આ ક્ષણે તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાંથી ૪૦,૫૦૦થી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૬,૩૦૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કરી બચાવી લેવાયા છે. હવામાન વિભાગે રાજ્યના ૭ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદ સાથે 'રેડ એલર્ટ' અને અમદાવાદ તેમજ રાજકોટ સહિત ૧૫ જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' જારી કરી લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

## શિક્ષણમંત્રીનું રાજીનામુ દેશની યુવા શક્તિની જીત : અમિત ચાવડા

અમદાવાદ,તા.૨૫

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા અમિત ચાવડાએ પોતાની પ્રતિક્રિયા આપતા આ ઘટનાને દેશની યુવા શક્તિ અને લોકશાહીની મોટી જીત ગણાવી છે. તેમણે જણાવ્યું કે પેપર લીક મુદ્દે દેશભરના યુવાનો લાંબા સમયથી પોતાના હકો માટે અવાજ ઉઠાવી રહ્યા હતા અને વિદ્યાર્થીઓના સતત વિરોધને કારણે સરકારને આ નિર્ણય લેવા મજબૂર થવું પડ્યું છે. અમિત ચાવડાએ ઉમેર્યું કે જ્યારે જનતા અને યુવાનો એક થઈને લોકશાહી ઢબે સંઘર્ષ કરે છે, ત્યારે કોઈપણ સરકારને લોકોની લાગણીઓનો આદર કરવો જ પડે છે. આ ઘટના દર્શાવે છે કે લોકશાહી વ્યવસ્થામાં જનતાનો અવાજ જ સર્વોપરી છે.

## રૂ. ૮૯ કરોડના સાદરા-અલુવા બ્રિજના ઉદઘાટનના ૪૮ કલાકમાં જ એપ્રોચ રોડ પર પડ્યુ ગાબડું

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સાબરમતી નદી પર રૂ. ૮૯ કરોડના ખર્ચે બનેલા સાદરા-અલુવા બ્રિજના ઈ-લોકાર્પણના માત્ર ૪૮ કલાકમાં જ એપ્રોચ રોડ પર મોટું ગાબડું પડી ગયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા



૨૧ જુલાઈએ ખુલ્લો મુકાયેલો આ બ્રિજ ભારે વરસાદને કારણે અલુવા તરફથી નીચે ધસી ગયો હતો. નવી ભરેલી માટીમાં પાણી ઉતરી જતાં આ દુર્ઘટના ઘટી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. ઘટના બાદ માર્ગ અને મકાન વિભાગે તાત્કાલિક વન-વે વાહનવ્યવહાર ચાલુ કરીને પ્રાથમિક સમારકામ હાથ ધર્યું છે.

જોકે, લોકાર્પણના ગણતરીના કલાકોમાં જ રોડ બેસી જતાં સ્થાનિકોમાં કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

## રાજયમાં સતત વરસી રહેલા વરસાદને કારણે ૨૧ ડેમ હાઈ એલર્ટ પર, ૬૪૮ રસ્તા બંધ

અમદાવાદ,તા.૨૫

દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના પાટણ, વાવ અને થરાદ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદને કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. સતત વરસી રહેલા વરસાદના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. રાજ્યમાં કુલ ૨૧ ડેમ હાઈ એલર્ટ પર રાખવામાં




આવ્યા છે અને પાણીની સતત આવકને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી હાથ ધરાઈ હતી. નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાંથી અંદાજે ૪૦ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ભારે વરસાદના કારણે રાજ્યભરમાં સ્ટેટ હાઈવે, પંચાયત માર્ગો અને અન્ય મળી કુલ ૬૪૮ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

## નવસારી જિલ્લામાં વરસાદ બાદ પાણી ઓસરતા વધુ મૃતદેહો મળ્યા, કુલ મૃત્યાંક ૧૭ પર પહોંચ્યો

નવસારી,તા.૨૫

નવસારી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે અત્યંત કરુણ પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગણદેવી તાલુકામાં પૂરના પાણી ઉતરતા જ વિવિધ વિસ્તારોમાંથી મૃતદેહો મળવાનો સિલસિલો શરૂ થયો છે, જેનાથી મૃત્યુઆંક વધીને ૧૭ પર પહોંચી ગયો છે. ગણદેવી પોલીસ મથક હેઠળ ૮ અને બીલીમોરા વિસ્તારમાંથી ૯ મૃતદેહ મળી આવ્યા છે. પૂર સિવાય



વીજ કરંટ લાગવાથી અને સાપ કરડવાના બનાવોથી પણ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલમાં NDRF, SDRF અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રાહત, બચાવ અને નુકસાનીના સર્વેની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે. તંત્રે લોકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

## અમદાવાદમાં પત્નીના પ્રેમીએ ફાયરિંગ કરતા પતિ ઈજાગ્રસ્ત

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં જૂની અદાવતને કારણે ફાયરિંગની ગંભીર ઘટના બની છે. મજૂરીકામ કરતા જાવેદખાન પઠાણ વર્ષ ૨૦૧૭માં જેલમાં હતા ત્યારે તેમની પત્ની મિત્ર મુજાહિદ સાકીરઅલી સાથે જતી રહી હતી. ત્યારથી બંને વચ્ચે સતત દુશ્મનાવટ ચાલતી હતી. સમાધાનના પ્રયાસો છતાં વિવાદ ઉકેલાયો નહોતો. તાજેતરમાં વહેલી સવારે જાવેદ પોતાના ભાઈ સાથે ઘર બહાર બેઠા હતા ત્યારે આરોપીએ આવી બોલાચાલી કરીને હથિયારથી ફાયરિંગ કર્યું હતું. ગોળી હાથમાં વાગતા જાવેદ ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વેજલપુર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરાના ભાયલીમાં તળાવ છલકાતાં ઘરોમાં પાણી અને વન્યજીવો ઘૂસ્યા

વડોદરા,તા.૨૫

વડોદરા શહેરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ધોધમાર વરસાદને કારણે પરિસ્થિતિ અત્યંત દયનીય બની છે. ભાયલીના સરદારનગર વિસ્તારમાં તળાવ છલકાઈ જતાં ઘરોમાં બે થી ત્રણ ફૂટ પાણી ભરાઈ ગયાં છે. વરસાદી પાણી સાથે ઘરોમાં સાપ, નોળિયા અને માછલીઓ ઘૂસી આવતાં લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો




છે. જીવના જોખમે ઘરમાં રહેવું અશક્ય બનતાં પરિવારજનો સુરક્ષિત સ્થળે આશરો લેવા મજબૂર બન્યા છે. વડોદરામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૨.૨૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. પ્રાથમિક સુવિધાઓના અભાવ અને તંત્રની બેદરકારીથી અકળાયેલા રહીશોએ તાત્કાલિક રાહત કામગીરી તથા પાણી નિકાલની ઉગ્ર માગ કરી છે.




## અમદાવાદમાં ભારે વરસાદને લીધે અનેક વાહનો પાણીમાં ડૂબ્યા

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં સરેરાશ ૧૧ ઈંચ ભારે વરસાદને કારણે સર્જાયેલી જળબંબાકારની સ્થિતિમાં અંદાજે ૪,૦૦૦ કાર અને ૧૨,૦૦૦થી વધુ ટુ-વ્હીલર સહિત ૧૯,૦૦૦ વાહનો પાણીમાં ડૂબી જતાં મોટું નુકસાન થયું છે. આ આફતના કારણે સર્વિસ સ્ટેશનો અને વીમા ક્લેમ માટે ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. વીમા કંપનીઓના કડક નિયમો,



ક્રેન ઓપરેટરો અને ગેરેજ ચાલકો દ્વારા કરાતી વધુ પડતી વસૂલાત તેમજ એચએસઆરપી નંબર પ્લેટ માટે ડીલરોની મનમાનીથી વાહનચાલકો હેરાન થઈ રહ્યા છે. વાહનોના એન્જિન અને ઈલેક્ટ્રિકલ પાર્ટ્સમાં પાણી ઘૂસી જતાં મોટો આર્થિક ફટકો પડ્યો છે. સરકારે આ બાબતે મધ્યસ્થી કરીને યોગ્ય વળતર અપાવવું જોઈએ.

